### સ્થાનિક કોર્ટમાં ચેક રીટર્નનો કેસ ચાલી જતાં

# લીલીયામોટા ક્રેડિટ કો.ઓ. સોસાયટીનાં ૪ બાકીદારને ૨–૨ વર્ષની સજા ફટકારાઈ

## એડવોકેટ કિશોર પાઠકની દલીલો સફળ રહી



લીલીયા, તા. ૩૦

લીલીયામોટાક્રેડિટ કો.ઓ. સોસાયટીમાંથી સભાસદો અને બાકીદારો (૧) અશોકભાઈ માધાભાઈ રાસડીયા રહે. વલારડી, તા. બાબરાએ ધિરાણ મેળવી હપ્તા નહી ભરતા માંગણાની નોટિસ આપતા બાકીદારોએ વ્યાજ તથા મુદલની ગણતરી કરી રૂા. ૭,૯૮,૩૨૬નો આપેલ (૨) નયનભાઈ અશોકભાઈ રાસડીયા રહે. વલારડી, તા. બાબરાએ ધિરાણ મેળવી હપ્તા નહી ભરતા માંગણાની નોટિસ આપતા બાકીદારોએ વ્યાજ તથા મુદલની ગણતરી કરી ચેક રૂા. ૬,૫૬,૮૨૨નો આપેલ (૩) તુષારભાઈ અશોકભાઈ રાસડીયા રહે. વલારડી, તા. બાબરાએ ધિરાણ મેળવી હપ્તા નહી ભરતા માંગણાની નોટિસ આપતા બાકીદારોએ વ્યાજ તથા મુદલની ગણતરી કરી ચેક રૂા. ૭,૯૯,૨૬૬નો આપેલ (૪) હર્ષકુમાર નિલેશભાઈ ગોલ રહે. વઢવાણ, જિ. સુરેન્દ્રનગરવાળાએ ધિરાણ મેળવી હપ્તા નહી ભરતા માંગણાની નોટિસ આપતા બાકીદારોએ વ્યાજ તથા મુદલની ગણતરી કરી ચેક રૂા. ૭,૯૮,૭૨૬નો આપેલ (આ ચેક રીટર્ન થતાં મંડળીના મેનેજીંગ ડાયરેકટર મગનભાઈ હરીભાઈ વિરાણીએ મંડળીના લીગલ એડવાઈજર કિશોર પાઠક મારફત લીલીયા અદાલતમાં ફોજદારી કેસ નં. ૧૪૯/૨૦૨૪, ૧૫૦/૨૦૨૪, ૧૫૧/૨૦૨૪, ૧૫૨/૨૦૨૪નો દાલ કરતા કેસ ચાલી જતાં આ સભાસદ અને બાકીદાર (૧) અશોકભાઈ માધાભાઈ રાસડીયા (૨) નયનભાઈ અશોકભાઈ રાસડીયા (૩) નયનભાઈ અશોકભાઈ રાસડીયા (૪) હર્ષકુમાર નિલેશભાઈ ગોલ રે. સુરેન્દ્રનગરને બે વર્ષની સાદી કેસની સજા તથા ચેકની રકમ વ્યાજ સહિત વળતર રૂપે મંડળીને ચુકવવા આદેશ કરેલ છે. જો ચેકની રકમ ૬૦ દિવસમાં ન ચુકવે તો વધુ છ માસની સજા ભોગવવા હુકમ કરેલ છે.

આમ લીલીયા અદાલતનો આદેશ થતાં બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયેલ છે.

# અમરેલીના રાજમહેલની મુલાકાત લેતા શહેરનાં વેપારી આગેવાનો



અમરેલી, તા.૩૦

અમરેલીના ધરોહર સમા રાજમહેલનું રીનોવેશન કામ ચાલી રહ્યું છે જેમાં અમરેલી ડિસ્ટ્રિકટ ચેમ્બર તેમજ મોટા બસ સ્ટેન્ડ વેપારી એસોસિએશનના સભ્યો રાજમહેલની મુલાકાત લીધી તેનું કામ રાખનાર કોન્ટ્રાકટર સાથે વાતચીત કરી શું મટીરીયલ વપરાય છે તેમ જ કેમિકલ શું વપરાય છે તે વગેરે બાબતની ચર્ચા કરી અને રાજમહેલની મુલાકાત લીધી હજુ તૈયાર થતાં ચાર મહિના લાગશે પણ રાજમહેલ હતો તેના કરતાં પણ સુંદર બની જશે તે બાબતે ધારાસભ્ય તેમજ ઉર્જા મંત્રી કૌશિકભાઈને ખૂબ ખૂબ ધન્યવાદને પાત્ર છે. ડિસ્ટ્રિકટ ચેમ્બરના પ્રમુખ ચતુરભાઈ અકબરી, દિનેશભાઈ ભુવા, હરેશભાઈ સાદરાણી, અંકુરભાઈ સેદાણી, કેતનભાઈ મહેતા તેમજ મોટા બસ સ્ટેન્ડના વેપારી એસોસિયેશનના શૈલેષભાઈ ચૌહાણ, ગોપાલભાઈ ભેળવાળા, રજવાડી પેંડા વાળા વગેરે સભ્યોએ મુલાકાત લીધી ખૂબ જ સરસ કામ થઈ રહ્યું છે. ટૂંક સમયમાં ટાવરના પણ રિનોવેસન કામની સભ્યો મુલાકાત લેશે.

# આભે કાળા ડિબાંગ વાદળોની જામી ફોજ



સાવરકુંડલા પંથકમાં અસહ્ય ગરમી અને બફારા બાદ હવામાનમાં પલટો આવતાં પ્રકૃતિનું એક અદભુત અને રોમાંચક સ્વરૂપ જોવા મળ્યું છે. મેઘરાજાની પધરામણી પૂર્વેનો એક અદભુત નજારો અત્રે કેમેરાની ફ્રેમમાં કેદ થયો છે, જેમાં કુદરતની અસીમ તાકાત અને વરસાદ પૂર્વેની રહસ્યમય શાંતિનો સાક્ષાત્કાર થાય છે.

ખેડીને તૈયાર રખાયેલા ખેતરો પર કાળા ડિબાંગ વાદળોએ જાણે છાવણી નાખી દીધી છે. ડામરના સૂમસામ રસ્તા પર ઝળૂંબી રહેલું ઘેરાયેલું આકાશ એ વાતની ગવાહી પૂરે છે કે હવે કોરી પડેલી ધરાને આભની ઓથ મળી ગઈ છે.

એક સામાન્ય નાગરિક માટે આ માત્ર બદલાતા હવામાનનું દ્રશ્ય હોઈ શકે, પરંતુ એક પ્રકૃતિપ્રેમી, સિનેમેટોગ્રાફર અને વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફરના દષ્ટિકોણથી આ નજારો સમગ્ર ઈકોસિસ્ટમના પુર્નજન્મની શરૂઆત છે. ડાર્ક કલાઉડસ (ઘેરા કાળા વાદળો) અને સૂકી જમીન વચ્ચેનો આ કુદરતી કોન્ટ્રાસ્ટ કોઈ પણ કૃત્રિમ લાઈટિંગ કરતા વધુ જીવંત અને પ્રભાવશાળી ભાસે છે.

ગીર અને સૌરાષ્ટ્રની આ સૂકી માટી જયારે વરસાદનું પ્રથમ ટીપું ઝીલશે, ત્યારે તેમાંથી ઉઠતી ભીની માટીની સુંગધ અને વગડામાં આવતી નવી ચેતના અકલ્પનીય હશે. વન્યજીવો અને વનસ્પતિ માટે આ સમયગાળો અત્યંત રોમાંચક સાબિત થાય છે, કારણ કે આખી સીમ હવે લીલી ચાદર ઓઢવા અને નવા જીવનને આવકારવા માટે સજ્જ થઈ રહી છે.

### શહેર અને તાલુકામાં કાયદો–વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો

# ઉનાના મોટા ડેસરની ઘટનામાં બંને પક્ષે સામસામે ફરિયાદો

## કુલ ૧૧ શખ્સો સામે ગુનો નોંધાયો



ઉના, તા. ૩૦

ઉના શહેર અને તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી હત્યાના પ્રયાસ, મારામારી, હુમલા, દારૂ અને અન્ય ગુનાહિત બનાવો સતત સામે આવી રહ્યા છે. આવી ઘટનાઓ વચ્ચે ઉના તાલુકાના મોટા ડેસર ગામમાં સગાઈ પ્રસંગે ડીજેમાં થયેલી સામાન્ય બોલાચાલી બાદ થયેલા લોહિયાળ હુમલાએ સમગ્ર પંથકમાં ચકચાર મચાવી છે. આ ઘટનામાં બંને પક્ષે સામસામે ફરિયાદો નોંધાવતાં પોલીસે કુલ ૧૧ શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ ગંભીર કલમો હેઠળ ગુના નોંધી તપાસ શરૂ કરી છે.

પહેલી ફરિયાદ મુજબ હાર્દિકભાઈ કનુભાઈ મકવાણાએ આક્ષેપ કર્યો છે કે સગાઈના ડીજે દરમિયાન આશિષભાઈ પ્રવીણભાઈ બાંભણિયા સાથે થયેલી બોલાચાલીના મનદુ:ખને લઈને ભરતભાઈ અરજણભાઈ ભાલીયા, દીપકભાઈ કાળુભાઈ પરમાર, આદિત્યભાઈ ધીરૂભાઈ બાકીયા, આશિષભાઈ પ્રવીણભાઈ બાંભણિયા, જયરાજભાઈ ગોવિંદભાઈ પરમાર અને સંદીપભાઈએ લાકડી અને છરી વડે હુમલો કર્યો હતો. હુમલામાં હાર્દિકભાઈના માથા અને ગળામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી, જયારે તેમના મિત્ર અક્ષયભાઈ કાનાભાઈ પામકના ડાબા હાથના અંગૂઠા પાસે છરીનો ઘા મારવામાં આવ્યા હતો.

બીજી તરફ દીપકભાઈ કાળુભાઈ પરમારે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે જયરાજભાઈ સાથે થયેલી બોલાચાલી બાદ હાર્દિકભાઈ કનુભાઈ મકવાણા, પરેશભાઈ ભીમાભાઈ પામક, રવિભાઈ વિજાભાઈ પામક, અક્ષયભાઈ કાનાભાઈ પામક અને સાગરભાઈ બાંભણિયાએ લાકડીઓ અને છરી વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં દીપકભાઈના માથામાં છરી વાગી હતી, જયારે જયરાજભાઈ અને હાર્દિકભાઈ રામભાઈ પરમારને પણ ઈજાઓ પહોંચી હતી.

બંને પક્ષના ઈજાગ્રસ્તોને સારવાર માટે ઉના સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા, જયાં પ્રાથમિક સારવાર બાદ કેટલાકને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

આ સમગ્ર ઘટનામાં પોલીસે એક તરફ ભરતભાઈ અરજણભાઈ ભાલીયા, દીપકભાઈ કાળુભાઈ પરમાર, આદિત્યભાઈ ધીરૂભાઈ બાકીયા, આશિષભાઈ પ્રવીણભાઈ બાંભણિયા, જયરાજભાઈ ગોવિંદભાઈ પરમાર અને સંદીપભાઈ સામે ગુનો નોંપ્રયો છે, જયારે બીજી તરફ હાર્દિકભાઈ કનુભાઈ મકવાણા, પરેશભાઈ ભીમાભાઈ પામક, રવિભાઈ વિજાભાઈ પામક, અક્ષયભાઈ કાનાભાઈ પામક અને સાગરભાઈ બાંભણિયા રહે તમામ મોટા ડેસર વાળાઓ સામે પણ ગંભીર કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

એક જ ઘટનામાં બંને પક્ષે સામ સામે ફરિયાદો નોંધાવાની ઘટના બાદ ઉના શહેર અને તાલુકામાં કાયદોઅને વ્યવસ્થાની સ્થિતિ અંગે લોકોમાં ચર્ચા શરૂ થઈ છે. સ્થાનિકોનું કહેવું છે કે છેલ્લા કેટલાક સમયથી નાના વિવાદો પણ જીવલેણ હુમલામાં ફેરવાઈ રહ્યા છે, જેના કારણે લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે.

હાલ ઉના પોલીસે બંને ફરિયાદોના આધારે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત ગંભીર કલમો હેઠળ ગુના નોંધી સમગ્ર ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા હુમલામાં ઉપયોગમાં લેવાયેલા હથિયારો, ઘટનાના સીસીટીવી, સાક્ષીઓના નિવેદનો અને અન્ય પુરાવાઓના આધારે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# વીજપડી : પીજીવીસીએલ કચેરીમાં નાયબ ઈજનેરની ખાલી જગ્યા ભરો

વીજપડી, તા. ૩૦

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે આવેલ પીજીવીસીએલ કચેરીના નાયબ ઈજનેર ચૌધરીની અઠવાડિયા પહેલાં સુરેન્દ્રનગર ખાતે બદલી કરવામાં આવેલ છે.

હાલ અઠવાડિયાથી કચેરી નાયબ ઈજનેર વિહોણી છે. હાલ ચોમાસાની ઋતુ શરૂ થઈ ગયેલ છે અને જવાબદાર મુખ્ય અધિકારીના અભાવે કચેરીને લેવાના મુખ્ય નિણયો જુ.ઈ.ની ક્ષમતા બહાર છે. કાય દક્ષ અને અનુભવી નાયબ ઈજનેરની જ તાકીદે નિમણૂંક કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગ છે.

### શહેર ભાજપ પ્રમુખ કલ્પેશભાઈ ખખ્ખરનાં અધ્યક્ષસ્થાને

# બાબરામાં પ્રધાનમંત્રીના ''મન કી બાત'' કાર્યક્રમનું સફળ આયોજન

## વેપારીઓ, અગ્રણીઓ અને કાર્યકર્તાઓ જોડાયા





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩૦

બાબરા શહેરના વોર્ડ નં. ૪ અંતર્ગત બુથ નં. ૯૮ ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના લોકપ્રિય માસિક રેડિયો કાર્યક્રમ '''મન કી બાત'' નું શહેર ભાજપ પ્રમુખ કલ્પેશભાઈ ખખ્ખરના અધ્યક્ષસ્થાને આયોજન કરવામાં આવ્યું હતું.

શહેરની મુખ્ય બજારમાં યોજાયેલા આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ દેશના વિકાસ, આત્મનિર્ભર ભારત, પર્યાવરણ સંરક્ષણ, યુવાનોની ભૂમિકા, સામાજિક જનજાગૃતિ, સ્વચ્છતા, મહિલા સશક્તિકરણ તેમજ દેશના પ્રેરણાદાયી નાગરિકોના કાર્યો અંગે વ્યક્ત કરેલા વિચારોને સૌએ ધ્યાનપૂર્વક શ્રવણ કર્યા હતા.

કાર્યક્રમ દરમિયાન શહેર ભાજપ પ્રમુખ કલ્પેશભાઈ ખખ્ખર મહામંત્રી જગદીશભાઈ વાવડીયા, રમેશભાઈ સાંગડિયા, જિલ્લા ભાજપ કિસાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, સવજીભાઈ બાંભવા, નગરપાલિકા સભ્ય મયુરભાઈ રાવલ, મનીષભાઈ ગોહેલ, રમેશભાઈ હિંગુ, મનુભાઈ મોદી, રાજુભાઈ કાલાણી, દિપકભાઈ પડિયા, પરાગભાઈ ખખ્ખર, હિતેશભાઈ કલાલ, મનીષભાઈ મકવાણા, કમલેશભાઈ ગોહિલ, રાજુભાઈ ગોહિલ સહીત બજાર વિસ્તારના વેપારીઓ, સ્થાનિક આગેવાનો, ભાજપના હોદ્દેદારો, કાર્યકર્તાઓ તેમજ નાગરિકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ઉપસ્થિત સૌએ પ્રધાનમંત્રીના સંદેશને જનજન સુધી પહોંચાડવા અને દેશના વિકાસમાં સહભાગી બનવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ કલ્પેશભાઈ ખખ્ખરે જણાવ્યું હતું કે, ''મન કી બાત'' માત્ર એક રેડિયો કાર્યક્રમ નથી, પરંતુ દેશના દરેક વર્ગના લોકો સાથે પ્રધાનમંત્રીનો જીવંત સંવાદ છે, જે સમાજમાં સકારાત્મક વિચારધારા, રાષ્ટ્રપ્રેમ અને જનભાગીદારીની ભાવનાને વધુ મજબૂત બનાવે છે.


કાર્યક્રમનું આયોજન શહેર ભાજપ પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું અને સમગ્ર કાર્યક્રમ ઉત્સાહપૂર્ણ તથા રાષ્ટ્રભાવનાના માહોલમાં સંપન્ન થયો હતો.

### યુવાવયે કિરીટભાઈ બગડાની સફળતા

# બાબરા : બોન્ડ રાઈટરથી તાલુકા પંચાયત ન્યાય સમિતિનાં ચેરમેન સુધીની સફર

## ભાજપનાં સમર્પિત કાર્યકર્તાની સંગઠન સેવાને મળ્યુ ફળ









તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩૦

બાબરા તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે તાલુકાના યુવા અને લોકપ્રિય ભાજપ અગ્રણી કિરીટભાઈ બગડાની નિયુકિત થતાં સમગ્ર તાલુકામાં હર્ષની લાગણી વ્યાપી છે. માત્ર ૩૫ વર્ષની વયે તાલુકા પંચાયતની મહત્વપૂર્ણ સમિતિના ચેરમેન બનવાનો ગૌરવ પ્રાપ્ત કરીને તેમણે યુવા નેતૃત્વ માટે નવી પ્રેરણા પૂરી પાડી છે.

કિરીટભાઈ બગડાની સફર સામાન્ય કાર્યકર્તાથી શરૂ થઈ હતી. તેઓ જિલ્લા ભાજપના અનુસૂચિત મોરચાના પૂર્વ. મહામંત્રી સોમાભાઈ બગડાના પુત્ર છે રાજનીતિ તેને વારસામાં મળી છે જન સેવાની સાથે બાબરા મામલતદાર કચેરી ખાતે વર્ષો સુધી બોન્ડ રાઈટર તરીકે ફરજ બજાવતાં તેમણે સરકારી યોજનાઓનો લાભ છેવાડાના લોકો સુધી પહોંચે તે માટે નિઃસ્વાર્થ ભાવથી માર્ગદર્શન આપ્યું હતું. વિવિધ સરકારી યોજનાઓના ફોર્મ ભરાવવાથી લઈને જરૂરી પ્રક્રિયામાં સહાયરૂપ બનતાં તેઓ લોકોના વિસપાત્ર બન્યા હતા. આજે પણ અનેક પરિવારો તેમની સેવાભાવના અને સહકારને યાદ કરે છે.

ભાજપ સંગઠનમાં પણ તેઓ વર્ષોથી સક્રિય રહી વિવિધ જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવી ચૂકયા છે. તાલુકા ભાજપના ઉપપ્રમુખ તરીકે સંગઠન મજબૂત બનાવવામાં તેમણે નોંધપાત્ર યોગદાન આપ્યુંહતું. પક્ષે તેમની નિષ્ઠા, પરિશ્રમ અને લોકસંપર્કને પ્રયાનમાં રાખી વલારડી બેઠક પરથી તાલુકા પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારી આપી હતી, જેમાં તેઓ નોંધપાત્ર લીડ સાથે વિજેતા બન્યા હતા.

વિજય બાદ પક્ષે ફરી એકવાર તેમની કાર્યક્ષમતામાં વિાસ વ્યકત કરી તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે મહત્વપૂર્ણ જવાબદારી સોંપી છે. તેમની નિયુકિતને ભાજપના સમર્પિત કાર્યકર્તાના સન્માન તરીકે પણ જોવામાં આવી રહી છે.


બાબરા તાલુકા ભાજપ પ્રમુખ નગરપાલિકા પ્રમુખ કારોબારી સમિતિ ચેરમેન જિલ્લા પંચાયતના સભ્યો તાલુકા પંચાયતના સભ્યો તાલુકા પંચાયતના પ્રમુખ સહિતનાં આગેવાનો, સામાજિક કાર્યકરો, મિત્રો અને શુભેચ્છકોએ કિરીટભાઈ બગડાને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ કાર્યકાળ માટે શુભકામનાઓ વ્યકત કરી હતી.

તાલુકાના લોકોમાં પણ આશા વ્યકત કરવામાં આવી છે કે સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે તેઓ અનુસૂચિત વર્ગ સહિત જરૂરિયાતમંદ લોકોને સરકારની સહાય, કલ્યાણકારી યોજનાઓ અને વિવિધ પ્રાથમિક સુવિધાઓનો લાભ વધુ અસરકારક રીતે પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. સેવાભાવી વ્યકિતત્વ અને લોકહિતના અભિગમને કારણે તેમના નેતૃત્વમાં સમિતિ વધુ જનકેન્દ્રિત કામગીરી કરશે તેવી લોક અપેક્ષા વ્યકત થઈ રહી છે.

# બગસરાની નાગરિક સહકારી બૅંકની ૫૦ વર્ષની સફળ સફર









તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા નાગરિક સહકારી બૅંક દ્વારા તેના ૫૦ વર્ષ પૂર્ણ થતા સુવર્ણ જયંતી વર્ષની ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી. વિગતો મુજબ બગસરા નાગરિક સહકારી બૅંકે તેની સફળતા અને અવિરત સેવાની સફરના ૫૦ વર્ષ પૂર્ણ કર્યા છે, જે નિમિત્તે તાજેતરમાં બૅંક દ્વારા 'સુવર્ણ જયંતી વર્ષ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ઐતિહાસિક પ્રસંગે બૅંકના ડિરેકટરો, સભાસદો, ગ્રાહકો અને આમંત્રિત મહેમાનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, બગસરા નાગરિક સહકારી બૅંકની સ્થાપના વર્ષ ૧૯૭૬માં અરજણભાઈ વેલજીભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી. તેમના નિષ્ઠાવાન પ્રયાસો અને દીર્ઘદ્રષ્ટિ થકી રોપાયેલું આ બીજ આજે એક વિશાળ વટવૃક્ષ બનીને બગસરા અને આસપાસના વિસ્તારના લોકોને ઉત્તમ બેન્કિંગ સેવાઓ પૂરી પાડી રહ્યું છે. આ સુવર્ણ જયંતી મહોત્સવના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે જે.વી. શાહ તથા બી.એસ. કોઠિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના વકતવ્યમાં બૅંકની અડધી સદીની ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવી હતી અને સંસ્થાને ભવિષ્યની પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના વર્તમાન ચેરમેન છગનભાઈ હિરાણી દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ આ કાર્યક્ષેત્રના આગેવાનો, અતિથિ વિશેષ, મુખ્ય મહેમાનો અને નગરજનોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે બૅંકની ૫૦ વર્ષની વિકાસયાત્રા અને તેમાં સહકાર આપનાર તમામ સભાસદોનો આભાર વ્યકત કર્યો હતો. આ તકે શહેરની વિવિધ સહકારી મંડળીઓના ચેરમેન તથા ડિરેકટરો ઉપસ્થિત રહ્યા હતા અને બગસરા નાગરિક બૅંક દ્વારા કરવામાં આવેલ પ્રગતિને પોતાના શબ્દોમાં બિરદાવી હતી. તેમજ ભવિષ્યમાં પણ બૅંક ઉતરોતર પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

### બાબરા–ચરખા માર્ગ ઉપરની ઘટના

# ટ્રકે હડફેટે આવી જવાથી બાઈક સવાર આશાસ્પદ યુવકનું મોત થયુ

### નાસી છુટેલ ટ્રક ચાલકની શોધખોળ શરૂ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩૦

બાબરા–રાજકોટ–ભાવનગર હાઈવે પર આજે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાતા ચરખા ગામના એક યુવાનનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયું હતું. બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ચરખા ગામના હાર્દિક ભીખુભાઈ પોતાના મોટર સાયકલ પર બાબરાથી પોતાના વતન ચરખા તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન બાબરા–રાજકોટ–ભાવનગર હાઈવે પર એક બેદરકારીપૂર્વક દોડી રહેલા ટ્રકે તેમના મોટર સાયકલને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે હાર્દિકભાઈનું ઘટના સ્થળે જ મૃત્યુ નિપજયું હતું.

અકસ્માત બાદ ટ્રકચાલક ટ્રક ઘટના સ્થળે મૂકી ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે. બનાવની જાણ થતાં સ્થાનિક લોકો અને પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. ત્યારબાદ મૃતદેહને વધુ કાર્યવાહી અને પોસ્ટમોર્ટમ માટે બાબરા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધી ફરાર ટ્રકચાલકને શોધી કાઢવા તેમજ અકસ્માતની સમગ્ર હકીકત જાણવા તપાસ હાથ ધરી છે.

### અજાણ્યા આરોપીએ કર્યુ કારસ્તાન

# લાઠીનાં અકાળા ગામનાં ખેડૂતને ગેરમાર્ગે દોરીને રૂપિયા ૬૮ હજાર પડાવી લીધા

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લામાં એક ખેડૂતને કોઈ અજાણ્યા આરોપીએ ખેડૂતને પોતાની ખોટી ઓળખ આપી અને ખેડૂતને કહેલ કે, પોતાથી ભૂલમાં ગુગલ પે માં રૂપિયા ટ્રાન્સફર થઈ ગયેલ છે તેવી ખોટી હકીકત ખેડૂત સમક્ષ રજૂ કરી હતી અને આરોપી પોતે દવાખાનાના કામે હોય એટલે તાત્કાલિક પૈસા હું કહું તે ખાતામાં ટ્રાન્સફર કરી આપો નહિ તો આરોપીએ ખેડૂત સામે પોલીસ ફરિયાદ કરવાની ધમકી આપી હતી. આમ ખેડૂતને વિાસમાં લઈ ખેડૂતના ગુગલ પે એકાઉન્ટમાંથી કુલ રૂપિયા ૬૮,૦૦૦ની રકમ ટ્રાન્સફર કરાવી લઈ સાયબર ફ્રોડ આચરી ખેડૂત સાથે છેતરપીંડી તથા વિસઘાત કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

વિગત એવી છે કે, લાઠી તાલુકાના અકાળા ગામે રહેતા અને ખેતી કામ કરતા બટુકભાઈ વલ્લભભાઈ લુખી નામના ૫૯ વર્ષીય ખેડૂત ગત તા. ૧૮ના રોજ સાંજના પાંચેક વાગ્યે અકાળા ગામે પોતાની વાડીએ હતા. ત્યારે અજાણ્યા આરોપીએ મોબાઈલ નં. ૯૮૧૩૯ ૧૧૬૦૮ના ધારક દ્વારા ખેડૂતને પોતાની ખોટી ઓળખ આપી અને ખેડૂતને કહેલ કે પોતાથી ભૂલમાં તેના ગુગલ પે માં રૂપિયા ૩૫,૦૦૦ તેમજ રૂપિયા ૫૫,૦૦૦ ટ્રાન્સ્ફર થઈ ગયેલ છે. તેવી ખોટી હકીકત ખેડૂત સમક્ષ રજૂ કરી હતી અને આરોપી પોતે દવાખાનાના કામે હોય એટલે તાત્કાલિક પૈસા હું કહું તે ખાતામાં ટ્રાન્સફર કરી આપો. નહિ તો આરોપીએ ખેડૂત સામે પોલીસ ફરિયાદ કરવાની ધમકી આપી હતી. આમ ખેડૂતને વિાસમાં લઈ ખેડૂતના ગુગલ પે એકાઉન્ટમાંથી કુલ રૂપિયા ૬૮,૦૦૦ની રકમ ટ્રાન્સફર કરાવી લઈ સાયબર ફ્રોડ આચરી ખેડૂત સાથે છેતરપીંડી તથા વિસઘાત કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### રીવરફ્રન્ટની દીવાલમાં સ્ટ્રોમ વોટર ડ્રેઈનની જોગવાઈ જ નથી

# સાવરકુંડલામાં નાવલી નદી રીવરફ્રન્ટની RCC દીવાલ બની મુસીબત, ચોમાસામાં કાંઠા વિસ્તાર ડૂબવાનો ભય

### સુપડાધારે વરસાદ પડશે તો ગંભીર પરિસ્થિતિ થશે : નગરસેવક મહેતા



સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલા શહેરમાં નાવલી નદી પર ચાલી રહેલી રીવરફ્રન્ટની કામગીરી આગામી ચોમાસામાં સ્થાનિકો માટે આશીર્વાદને બદલે શાપ સાબિત થાય તેવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે. શહેરની ભૌગોલિક રચના 'ઉંધી રકાબી' જેવી હોવાથી વરસાદી પાણી કુદરતી ઢોળાવ મુજબ નાવલી નદીમાં વહી જાય છે. પરંતુ નદીની બંને તરફ બનેલી ઊંચી આરસીસી દિવાલમાં પાણીના નિકાલ માટે કોઈ જ વ્યવસ્થા રાખવામાં ન આવતા નગરપાલિકાના સદસ્ય ધર્મેન્દ્ર મહેતાએ પાલિકા તંત્ર સામે સવાલો ઉઠાવ્યા છે.

ભૌગોલિક સ્થિતિ રૂંધાશે, ઘરો–દુકાનોમાં પાણી ઘૂસવાની ભીતિ : ધર્મેન્દ્ર મહેતાએ ચીફ ઓફિસર અને પ્રમુખને લેખિત અરજી પાઠવીને જણાવ્યું છે કે, રીવરફ્રન્ટના પ્રોજેકટમાં સ્ટ્રોમ વોટર ડ્રેઈન, વીપ હોલ કે પંપિંગની કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. જો ચોમાસામાં ભારે વરસાદ પડશે તો આ ઊંચી દિવાલના કારણે વરસાદી પાણી નદીમાં જઈ શકશે નહીં. પરિણામે નાવલી નદીના કાંઠા વિસ્તારના નીચાણવાળા ભાગોમાં ભારે પાણી ભરાઈ જશે, જેનાથી નાગરિકોના માલસામાન અને જાનનું મોટું જોખમ ઊભું થશે.

સ્થાનિકો અને સદસ્યની મુખ્ય માંગણીઓ : ચોમાસું શરૂ થાય તે પહેલાં પાલિકા દ્વારા નિષ્ણાંતોની કમિટી બનાવી તાત્કાલિક સ્થળ તપાસ કરવામાં આવે.

આરસીસી દિવાલમાં યોગ્ય અંતરે અને પૂરતા વ્યાસના વરસાદી પાણીના નિકાલ માટેના હોલ બનાવવામાં આવે. કાયમી ઉકેલ ન આવે ત્યાં સુધી આગામી ચોમાસા દરમિયાન ઈમરજન્સી માટે હાઈ–પાવર ડી–વોટરિંગ પંપ તૈનાત રાખવામાં આવે.

નગરપાલિકા સદસ્ય ધર્મેન્દ્ર મહેતાએ તંત્રને ચીમકી આપતા જણાવ્યું છે કે, આગામી ૭ દિવસમાં આ બાબતે સ્થળ તપાસ કરી કરેલી કાર્યવાહીનો લેખિત અહેવાલ આપવામાં આવે અને ચોમાસા પહેલા યોગ્ય નિકાલની વ્યવસ્થા ગોઠવવામાં આવે જેથી સાવરકુંડલાના નદી કાંઠાના રહીશોને કોઈ મોટું આર્થિક કે શારીરિક નુકસાન ન ભોગવવું પડે.

### એસ.પી.ની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# ચિતલ નજીકથી વિદેશી દારૂની હેરાફેરી કરતાં ૨ ઈસમો ઝડપાયા

### રૂપિયા ૨.૬૪ લાખનો મુદ્દામાલ જપ્ત



અમરેલી, તા. ૩૦

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. સી.પી. વાઘેલાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન બાતમી મળેલ કે, એક ફોર વ્હીલ વાહનમાં અલગ અલગ ચોર ખાનાઓ બનાવી ગેરકાયદેસર ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો ભરી બાબરાથી અમરેલી તરફ આવે છે. જે હકિકતના આધારે ચિતલ ગામે, રેલ્વે ફાટક પાસે વોચમાં રહી મધ્યપ્રદેશના વતની અને હાલ લીલીયા તાલુકાના પુંજાપાદર ગામની સીમમાં રહેતા નાનચા ગુમાનસીંગ બામનીયા તથા રમેશ દિતલીયાભાઈ બામનીયા નામના બે ઈસમોને ૧૮૦ એમ.એલ.ની ગોવા બનાવટની બોટલો નંગ ૩૨૦ કિંમત રૂપિયા ૫૪,૭૨૦ તથા એક એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૧૦,૦૦૦ તથા એક ઈકો મોડલની ફોરવ્હીલ નંબર જી.જે.–૧૬ બી.કે.– ૫૨૮૨ કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૨,૬૪,૭૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ, પકડાયેલ આરોપીઓ તથા સંડોવાયેલ આરોપી વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

ઝડપાયેલ આરોપીઓ દ્વારા પોતાના હવાલાવાળી ફોર વ્હીલ વાહનમાં ડ્રાઈવર સીટ નીચે, સીટની અંદર તથા કારની સીટ પાછળ અલગ અલગ ચોર ખાનાઓ બનાવી દારૂની હેરફેર કરતા રંગે હાથ ઝડપાયેલ છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com
















### એસટી નિગમના હજારો કર્મચારીઓને મોટી આર્થિક રાહત

# એસ.ટી. નિગમના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વધારો, એરિયર્સ પણ મળશે

### એસટી કર્મચારીઓ પોતાના હક અને પડતર માંગણીઓને લઈને લાંબા સમયથી રજૂઆતો કરી રહ્યા હતા, જેનો સરકારે હકારાત્મક પ્રતિસાદ આપ્યો છે

ગાંધીનગર,તા.૩૦

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (GSRTC)ના હજારો એસટી કર્મચારીઓ માટે રાજ્ય સરકારે દિવાળી જેવો માહોલ સર્જ્યો છે. મોંઘવારી ભથ્થા (DA)માં ૩ ટકાનો વધારો મંજૂર કરવામાં આવ્યો છે. આ નિર્ણય અનુસાર, કર્મચારીઓને અત્યાર સુધી મળતું ૫૫ ટકા મોંઘવારી ભથ્થું હવે વધીને ૫૮ ટકા થઈ જશે. લાંબા સમયથી ચાલી રહેલી માંગણીનો સુખદ અંત આવતા એસટી કર્મચારી આલમમાં ખુશીની લહેર દોડી ગઈ છે.

રાજ્ય સરકારના આ કલ્યાણકારી નિર્ણયનો સીધો લાભ એસટી નિગમના તમામ પાત્રતા ધરાવતા નાના-મોટા કર્મચારીઓને મળવા જઈ રહ્યો છે. આ જાહેરાતમાં માત્ર ચાલુ મહિનાથી જ વધારો નથી મળવાનો, પરંતુ અગાઉના સમયગાળાની વધારાની રકમનું બાકી નીકળતું એરિયર્સ પણ કર્મચારીઓને રોકડેથી ચૂકવવામાં આવશે.

સરકારના આ આર્થિક પૅકેજને કારણે એસટી નિગમની તિજોરી પર અંદાજે રૂ. ૨૪ કરોડથી વધુનો વધારાનો વાર્ષિક આર્થિક બોજ પડશે, તેમ છતાં કર્મચારીઓના સુખાકારી માટે સરકારે આ બોજ વહાવવાનું નક્કી કર્યું છે. સરકારના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, આ નિર્ણયના ચોક્કસ અમલીકરણ અને એરિયર્સની ગણતરી અંગેના વિગતવાર આદેશો તેમજ ઠરાવ ટૂંક સમયમાં જ નિગમ દ્વારા જાહેર કરવામાં આવશે.સામાન્ય રીતે મોંઘવારી ભથ્થું એ સરકારી અને જાહેર ક્ષેત્રના કર્મચારીઓને વધતી જતી મોંઘવારી સામે રક્ષણ આપવા અને તેમનું જીવનધોરણ જાળવી રાખવા માટે આપવામાં આવતું આર્થિક પ્રાવધાન છે, જે દર છ મહિનાની મોંઘવારીના આંકડા અને સાતમા પગાર પંચના ધારાધોરણો મુજબ મૂળ પગાર પર ગણવામાં આવે છે.

એસટી કર્મચારીઓ પોતાના હક અને પડતર માંગણીઓને લઈને લાંબા સમયથી રજૂઆતો કરી રહ્યા હતા, જેનો સરકારે હકારાત્મક પ્રતિસાદ આપ્યો છે. આ આર્થિક લાભ મળવાથી મોંઘવારીના આ સમયમાં એસટી ડ્રાઈવર, કંડક્ટર, મિકેનિકલ સ્ટાફ અને વહીવટી કર્મચારીઓ સહિતના મધ્યમ વર્ગીય પરિવારોને બહુ મોટી આર્થિક રાહત અને મજબૂતાઈ મળશે.

### દિલ્હીમાં વરસાદનું યેલો એલર્ટ

# ઉત્તર-પશ્ચિમ, મધ્ય, પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારતના વિવિધ રાજ્યોમાં વરસાદ

### હવામાન વિભાગના જણાવ્યા મુજબ દિલ્હીમાં ૪ જુલાઈ સુધી હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે

નવી દિલ્હી,તા.૩૦

રાજધાની દિલ્હી સહિત ઉત્તર ભારતના મેદાની વિસ્તારોમાં પણ હવામાનમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. દિલ્હીમાં ૩૦ જૂન અને ૧ જુલાઈ માટે યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.હવામાન વિભાગના જણાવ્યા મુજબ દિલ્હીમાં ૪ જુલાઈ સુધી હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે, જ્યારે કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની પણ શક્યતા છે. ૩૦ જૂને મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૯ ડિગ્રી સેલ્સિયસ રહેવાનો અંદાજ છે. ૧થી ૩ જુલાઈ દરમિયાન હરિયાણા, ચંદીગઢ અને પંજાબના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ સાથે ૪૦થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.ઉત્તરાખંડમાં ૧ અને ૨ જુલાઈ તેમજ હિમાચલ પ્રદેશમાં ૨ અને ૩ જુલાઈ દરમિયાન કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની શક્યતા છે. પશ્ચિમ અને પૂર્વ ઉત્તર પ્રદેશમાં પણ ૩૦ જૂનથી ૫ જુલાઈ સુધી વરસાદ, ગાજવીજ અને વીજળી પડવાની શક્યતા છે.રાજસ્થાનમાં પણ ચોમાસું સક્રિય રહેશે. પૂર્વ રાજસ્થાનમાં ૫૦થી ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે તેજ પવન સાથે આંધીની શક્યતા છે, જ્યારે પશ્ચિમ રાજસ્થાનમાં ૨થી ૫ જુલાઈ દરમિયાન ધૂળભરી આંધીઓ ફૂંકાઈ શકે છે.મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને વિદર્ભ વિસ્તારમાં ચોમાસું સંપૂર્ણ રીતે સક્રિય રહેશે. ૧થી ૫ જુલાઈ દરમિયાન આ વિસ્તારોમાં ભારે વરસાદની શક્યતા છે. મધ્ય પ્રદેશમાં ૨થી ૪ જુલાઈ અને વિદર્ભમાં ૩થી ૪ જુલાઈ દરમિયાન કેટલાક વિસ્તારોમાં અતિભારે વરસાદ પડી શકે છે. સાથે જ ગાજવીજ, વીજળી પડવી અને ૪૦થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની પણ સંભાવના છે.ઝારખંડ, ઓડિશા અને પશ્ચિમ બંગાળના કેટલાક વિસ્તારોમાં ૩૦ જૂને ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. બિહારમાં પણ ૨થી ૫ જુલાઈ દરમિયાન વરસાદ સાથે તેજ પવન ફૂંકાઈ શકે છે. ગાજવીજ અને વીજળી પડવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને લોકોને સાવચેત રહેવાની સલાહ આપવામાં આવી છે.અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ ચોમાસું સક્રિય રહેશે. ૨ જુલાઈ સુધી મોટાભાગના રાજ્યોમાં ભારે વરસાદની શક્યતા છે. અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. સાથે જ ગાજવીજ, વીજળી પડવી અને તેજ પવનની અસર પણ જોવા મળી શકે છે.

### ચીનની અવળચંડાઇ

# બ્રહ્મપુત્ર પર બનાવી દીધો સૌથી ઉંચો ડેમ, ભારત માટે ખતરો

### જોકે, તેની વિશાળતા અને ભૌગોલિક સ્થાનને કારણે ભારત અને બાંગ્લાદેશ જેવા પડોશી દેશોમાં ભારે ચિંતાનું મોજું ફરી વળ્યું છે

નવી દિલ્હી,તા.૩૦

ચીને તાજેતરમાં સિચુઆન પ્રાંતમાં 'શુઆંગજિયાંગકોઉ હાઈડ્રોપાવર સ્ટેશન'ના પ્રથમ યુનિટને પાવર ગ્રીડ સાથે જોડીને વિશ્વના સૌથી ઊંચા ડેમ બાંધવાનો રેકોર્ડ સર્જ્યો છે. ૩૧૫ મીટરની ઊંચાઈ ધરાવતો આ વિશાળ ડેમ માત્ર ઈજનેરી કળાનો ઉત્કૃષ્ટ નમૂનો નથી, પરંતુ તે ચીનની વધતી જતી આર્થિક અને લશ્કરી મહત્વાકાંક્ષાઓનું પ્રતીક પણ છે. આ પ્રોજેક્ટ વાર્ષિક અંદાજે ૭.૭ અબજ યુનિટ વીજળી ઉત્પન્ન કરશે, જે કોલસા પરની નિર્ભરતા ઘટાડવામાં મદદરૂપ થશે. જોકે, તેની વિશાળતા અને ભૌગોલિક સ્થાનને કારણે ભારત અને બાંગ્લાદેશ જેવા પડોશી દેશોમાં ભારે ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

ચિંતાનું મુખ્ય કારણ એ છે કે આ ડેમ યાર્લુંગ ત્સાંગપો નદી પર નિર્મિત છે, જેને ભારતમાં 'બ્રહ્મપુત્રા' અને બાંગ્લાદેશમાં 'જમુના' તરીકે ઓળખવામાં આવે છે. આ નદી અરુણાચલ પ્રદેશ અને આસામની જીવાદોરી સમાન છે. નિષ્ણાતો તેને ચીન દ્વારા ઊભા કરાયેલા 'પાણીના બોમ્બ' તરીકે વર્ણવી રહ્યા છે. આ મેગા પ્રોજેક્ટ દ્વારા ચીનને બ્રહ્મપુત્રાના પાણીના પ્રવાહને નિયંત્રિત કરવાની શક્તિ મળશે. ભવિષ્યમાં, જો ચીન ઈચ્છે તો તે ભારત તરફ આવતા પાણીના પ્રવાહને ઘટાડી શકે છે અથવા અચાનક છોડીને કૃત્રિમ પૂર જેવી સ્થિતિ પણ પેદા કરી શકે છે.

આ ડેમ યાર્લુંગ ત્સાંગપો ગ્રાન્ડ કેન્યોન પાસે સ્થિત છે, જે વિશ્વની સૌથી ઊંડી ખીણોમાંની એક છે. નદીનો આ વળાંક વ્યૂહાત્મક રીતે ખૂબ મહત્વનો છે. અગાઉ ચીને આ વિસ્તારમાં મેડોગ મેગા ડેમ બનાવવાની જાહેરાત કરી હતી, જેણે આંતરરાષ્ટ્રીય સ્તરે વિવાદ જગાવ્યો હતો. ૧૬૮ અબજ ડોલરના અંદાજિત ખર્ચ સાથે તૈયાર થઈ રહેલો આ પ્રોજેક્ટ ચીનની શક્તિનું પ્રદર્શન છે, પરંતુ તે પ્રાદેશિક સુરક્ષા અને પર્યાવરણીય સંતુલન માટે ગંભીર પ્રશ્નો ઊભા કરે છે.

ભારત માટે આ એક વ્યૂહાત્મક ચેતવણી સમાન છે. નદીના ઉપરવાસમાં ચીનનું સંપૂર્ણ નિયંત્રણ પડોશી દેશોની જળ સુરક્ષા અને કૃષિ ક્ષેત્રને સીધી અસર કરી શકે છે. ચીન ભલે આને વીજ ઉત્પાદન અને પૂર નિયંત્રણનો પ્રોજેક્ટ ગણાવતું હોય, પરંતુ ચીનના ઈતિહાસને જોતા પડોશી દેશોને આ બાબતે સતર્ક રહેવાની જરૂર છે. આ પ્રકારના મેગા પ્રોજેક્ટ્સ માત્ર નદીના વહેણને જ નહીં, પરંતુ ભૌગોલિક-રાજકીય સમીકરણોને પણ બદલી નાખવાની ક્ષમતા ધરાવે છે. હવે જોવાનું એ રહેશે કે ભારત આ વધતા જતા જળ સંકટ અને ચીની દબાણને પહોંચી વળવા શું રાજદ્વારી પગલાં લે છે.

### સરકારની સુપ્રીમ કોર્ટમાં રજૂઆત

# પેટ્રોલમાં ઈથેનોલના મિશ્રણના એકાદ વર્ષમાં જ સારા પરિણામ મળશે

### હાઈકોર્ટનો આ આદેશ વર્ષ ૨૦૨૫-૨૬ ના સપ્લાય વર્ષ માટે ઇથેનોલની ફાળવણી સાથે સંબંધિત છે

નવી દિલ્હી,તા.૩૦

કેન્દ્ર સરકારે મંગળવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું છે કે દેશમાં પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ મિશ્રણ કરવાની યોજના એક ચાલુ પ્રયોગ છે, અને આ રાષ્ટ્રીય નીતિની વાસ્તવિક અસરો આગામી વર્ષ સુધીમાં વધુ સ્પષ્ટ થઈ જશે. ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ દ્વારા કર્ણાટક હાઈકોર્ટના એક આદેશને પડકારતી અરજી પર સુનાવણી દરમિયાન એટર્ની જનરલ આર. વેંકટરામણીએ સર્વોચ્ચ અદાલતમાં આ સત્તાવાર રજૂઆત કરી હતી. કર્ણાટક હાઈકોર્ટનો આ આદેશ વર્ષ ૨૦૨૫-૨૬ ના સપ્લાય વર્ષ માટે ઈથેનોલની ફાળવણી સાથે સંબંધિત છે. જે સમગ્ર દેશની મુખ્ય ઈથેનોલ પોલિસીને અસર કરી શકે તેમ છે. દેશભરમાં ઈથેનોલ બ્લેન્ડિંગ પ્રોગ્રામ અંગે ચાલી રહેલી વ્યાપક ચર્ચા અને વાહનપ્રેમીઓની ચિંતાઓ વચ્ચે આ સુનાવણી થઈ છે. વાહનચાલકોનો એક વર્ગ ચિંતિત છે કે પેટ્રોલમાં ઈથેનોલનું વધુ પ્રમાણ જૂના વાહનોના એન્જિનને નુકસાન પહોંચાડી શકે છે અને તેનાથી ફ્યુઅલ એફિશિયન્સી (માઈલેજ) પણ ઘટી શકે છે. જો કે, સરકારે આ આશંકાઓને ફગાવતા કોર્ટમાં સ્પષ્ટ કર્યું છે કે E૨૦ પેટ્રોલના કારણે વાહનોને કોઈ યાંત્રિક નુકસાન થયું હોય તેવા કોઈ પુરાવા નથી. આ નીતિ દેશની ઉર્જા સુરક્ષા, પર્યાવરણ અને ખેડૂતોના આર્થિક હિત માટે અત્યંત ફાયદાકારક છે. એટર્ની જનરલે કોર્ટની બહાર સ્પષ્ટતા કરી હતી કે, ૨૦ ટકા મિશ્રણ એ સરકારનો એક પોલિસી નિર્ણય છે અને તેમાં કોઈ ફેરફાર થવાની શક્યતા નથી.સુનાવણી દરમિયાન સુપ્રિમ કોર્ટે સવાલ કર્યો હતો કે BPCL એ કર્ણાટક હાઈકોર્ટની ડિવિઝન બેંચનો સંપર્ક કેમ ન કર્યો? જેના જવાબમાં એટર્ની જનરલે જણાવ્યું કે, ઓક્ટોબર ૨૦૨૫ માં જ ઈથેનોલ સપ્લાયના કોન્ટ્રાક્ટ ફાઈનલ થઈ ચૂક્યા છે અને દેશની અલગ-અલગ હાઈકોર્ટમાં આવા જ કેસ પેન્ડિંગ છે. જો હાઈકોર્ટમાં લાંબી પ્રક્રિયા ચાલશે, તો રાષ્ટ્રીય નીતિ ખોરવાઈ જશે. ઓક્ટોબરમાં નવા કોન્ટ્રાક્ટ રિન્યૂ થાય તે પહેલાં આ મુદ્દે આખરી નિર્ણય લેવો જરૂરી હોવાથી સરકારે તમામ અરજીઓ સુપ્રીમ કોર્ટમાં ટ્રાન્સફર કરવાની મંજૂરી માંગી છે.

ભારતે ગયા વર્ષે જ નિર્ધારિત સમય કરતાં ૫ વર્ષ વહેલા પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ મિશ્રણ કરવાનો લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો, અને ઓઈલ કંપનીઓએ ૧ એપ્રિલથી દેશભરમાં તેનો સપ્લાય શરૂ કરી દીધો છે. હવે સરકારનું લક્ષ્ય વર્ષ ૨૦૩૦ સુધીમાં તેને વધારીને ૩૦ ટકા કરવાનું છે. કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રાલયે તાજેતરમાં જ સ્પષ્ટ કર્યું હતું કે ઈથેનોલ બ્લૅન્ડિંગ સંપૂર્ણપણે સુરક્ષિત અને ગ્રાહક-લક્ષી છે. તેનાથી વ્હીકલ ઈન્સ્યોરન્સ (વાહનના વીમા) પર કોઈ અસર પડતી નથી તેવી અફવાઓ પણ મંત્રાલયે નકારી કાઢી છે. અમેરિકા, બ્રાઝિલ અને જાપાન જેવા દેશોમાં પણ આ ગ્લોબલ પ્રેક્ટિસ સફળ રહી છે. આ પ્રોગ્રામના કારણે ભારતમાં ક્રૂડ ઓઈલની આયાત ઘટતા દેશના ૧.૪ લાખ કરોડ રૂપિયાથી વધુનું વિદેશી હૂંડિયામણ બચ્યું છે.

### અંતિમ સંસ્કાર માટે પણ જગ્યાઓ ખૂટી પડી

# યુરોપમાં રેકોર્ડબ્રેક ગરમીએ ફ્રાન્સમાં વિનાશક સ્વરૂપ ધારણ કર્યું

### કબ્રસ્તાનના કામદારો મૃતકોની વધતી સંખ્યા સામે ઝડપથી કબરો ખોદવામાં અસમર્થ સાબિત થઈ રહ્યા છે

ફ્રાંસ,તા.૩૦

યુરોપમાં આ વર્ષે અનુભવાતી રેકોર્ડબ્રેક ગરમીએ ફ્રાન્સમાં વિનાશક સ્વરૂપ ધારણ કર્યું છે. ભીષણ હીટવેવના કારણે દેશભરમાં ૧૦૦૦થી વધુ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જેનાથી સમગ્ર ફ્રાન્સમાં ગમગીની અને ભયનો માહોલ છે. આ મૃત્યુ પામેલા લોકોમાં ૮૫ ટકા વ્યક્તિઓ ૬૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના છે, જે દર્શાવે છે કે વૃદ્ધો આ આત્યંતિક તાપમાન સામે સૌથી વધુ સંવેદનશીલ છે.પરિસ્થિતિ એટલી હદે ગંભીર બની ગઈ છે કે દેશના અંતિમ સંસ્કાર ગૃહો (ફ્યુનરલ હોમ્સ) મૃતદેહોથી ઉભરાઈ રહ્યા છે. નેશનલ ફ્યુનરલ ફેડરેશનના વડા એલિઝાબેથ શ્રિરે જણાવ્યું હતું કે, સામાન્ય રીતે ઉનાળામાં ફ્યુનરલ હોમ્સમાં ૩૦ થી ૪૫ ટકા ભરાવો રહેતો હોય છે, જે અત્યારે વધીને ૬૬ ટકાને પાર કરી ગયો છે. ખાસ કરીને પેરિસમાં સ્થિતિ વધુ વિકટ છે, જ્યાં ઘણા ફ્યુનરલ હોમ્સ સંપૂર્ણપણે ભરાઈ ગયા છે. હવે લોકોએ તેમના સ્વજનોના અંતિમ સંસ્કાર માટે પેરિસ શહેરની બહાર અથવા દૂરના વિસ્તારોમાં જવું પડી રહ્યું છે.કબ્રસ્તાનમાં દફનવિધિ માટે પણ જગ્યાનો અભાવ સર્જાયો છે. કબ્રસ્તાનના કામદારો મૃતકોની વધતી સંખ્યા સામે ઝડપથી કબરો ખોદવામાં અસમર્થ સાબિત થઈ રહ્યા છે. નિષ્ણાતો હવે 'ડોમિનો ઈફેક્ટ'ની ચેતવણી આપી રહ્યા છે, જ્યાં એક ઘટનાની સાંકળ બીજી ગંભીર સમસ્યાઓને નોતરી રહી છે. ફ્રાન્સના વડા પ્રધાન સેબેસ્ટિયન લેકોર્નુએ આ ગંભીર કટોકટીને પહોંચી વળવા માટે તાત્કાલિક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી છે. દેશભરની શાળાઓ અને પર્યટન સ્થળો બંધ કરી દેવામાં આવ્યા છે, કારણ કે સામાન્ય જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે.વૈજ્ઞાનિકો આ અસહ્ય ગરમીને સ્પષ્ટપણે આબોહવા પરિવર્તન (ક્લાઈમેટ ચેન્જ) સાથે જોડી રહ્યા છે. યુરોપના દેશો જે ઠંડી આબોહવા માટે જાણીતા હતા, ત્યાં આટલું ઊંચું તાપમાન સામાન્ય માનવ જીવન માટે અસહ્ય બની ગયું છે. આ ઘટના માત્ર ફ્રાન્સ માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ માટે આબોહવા પરિવર્તનના ખતરાને સમજવા માટે એક મોટી ચેતવણી સમાન છે. આગામી દિવસોમાં જો તાપમાનમાં ઘટાડો નહીં થાય, તો પરિસ્થિતિ વધુ ગંભીર બની શકે છે. ફ્રાન્સની સરકાર હાલમાં આ આપત્તિને નિયંત્રિત કરવા માટે તમામ સ્તરે પ્રયત્નો કરી રહી છે, પરંતુ મૃત્યુઆંક અને વ્યવસ્થાપનની મર્યાદાઓ સતત ચિંતા વધારી રહી છે.

### તબિયતનું બહાનું ના ચાલ્યું

# સગીર દુષ્કર્મ કેસમાં આસારામને સુપ્રીમથી ઝટકો

### કોર્ટે સરકારને નોટિસ પાઠવી વેકેશન બાદ સુનાવણી મુલતવી રાખી છે

જયપુર,તા.૩૦

નાબાલિક બાળકી સાથે દુષ્કર્મના કેસમાં જેલમાં સજા કાપી રહેલા આસારામને દેશની સર્વોચ્ચ અદાલત એટલે કે સુપ્રીમ કોર્ટ તરફથી તગડો ઝટકો લાગ્યો છે. આસારામે રાજસ્થાન હાઈકોર્ટ દ્વારા પોતાની સજા યથાવત રાખવાના નિર્ણય વિરૂદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને તબિયતના આધારે વચગાળાના (અંતરિમ) જામીન આપવાની માંગ કરી હતી. જોકે, સુપ્રીમ કોર્ટે હાલ પૂરતી આ મેડિકલ જામીન અરજીને ફગાવી દીધી છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે તે આ તબક્કે આસારામને કોઈ વચગાળાની રાહત આપવા તૈયાર નથી.આસારામની મુખ્ય અરજી પર સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને નોટિસ પાઠવીને જવાબ માંગ્યો છે. સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરતા કહ્યું કે, જ્યારે કોઈ વ્યક્તિના જીવનને ખતરો હોય, ત્યારે રાજ્ય સરકારનો પક્ષ સાંભળ્યા બાદ જ અમે જામીન પર વિચાર કરી શકીએ. કોર્ટે આશ્વાસન આપ્યું છે કે જેલમાં આસારામની સારવાર નિયમિત રીતે ચાલુ રહેશે. હવે સુપ્રીમ કોર્ટ ઉનાળાના વેકેશન (છુટ્ટીઓ) બાદ આ કેસની વિગતવાર સુનાવણી હાથ ધરશે. જોકે, કોર્ટે એ પણ ઉમેર્યું કે જો ભવિષ્યમાં આસારામની તબિયત વધુ લથડે અથવા મેડિકલ કંડિશન કટોકટીભરી બને, તો તેઓ વહેલી સુનાવણી માટે ફરીથી અરજી કરી શકે છે.ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૩માં પોતાના આશ્રમમાં સગીરા પર દુષ્કર્મ આચરવાના આરોપમાં નીચલી અદાલતે આસારામને દોષિત ઠેરવીને આજીવન કેદની સજા ફટકારી હતી. આ જ વર્ષે મે મહિનામાં રાજસ્થાન હાઈકોર્ટે આ કેસમાં મોટો ચુકાદો આપ્યો હતો. હાઈકોર્ટે અન્ય સહ-આરોપીઓને મુક્ત કર્યા હતા અને આસારામને ગેંગરેપ તેમજ પોક્સો એક્ટની કેટલીક કલમોમાંથી રાહત આપી હતી. પરંતુ, સગીરા સાથેના રેપ કેસમાં પુખ્ત પુરાવા હોવાનું નોંધીને હાઈકોર્ટે નીચલી અદાલતની આજીવન કેદ (ઉંમરકેદ) ની સજાને અકબંધ રાખી હતી. હાઈકોર્ટના આ જ આદેશને આસારામ તરફથી સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે.

આસારામ છેલ્લા ઘણા સમયથી જોધપુર જેલમાં બંધ છે અને અવારનવાર ખરાબ સ્વાસ્થ્ય અને ઉંમરનું બહાનું ધરીને જેલમાંથી બહાર આવવાના પ્રયાસો કરી રહ્યા છે. પરંતુ સર્વોચ્ચ અદાલતે કાયદાની મર્યાદા અને ગુનાની ગંભીરતાને જોતા તેમને જેલમાં જ રાખવાનો નિર્ણય કર્યો છે. સુપ્રીમ કોર્ટના આ કડક વલણથી પીડિત પરિવાર અને ન્યાયતંત્રમાં વિશ્વાસ ધરાવતા લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. હવે દેશની નજર વેકેશન બાદ થનારી આગામી સુનાવણી પર ટકેલી છે.

### G7 સમિટના નિર્ણયો અને યુક્રેન મુદ્દે મતભેદ

# હું કોઈની કઠપૂતળી નથી', ટ્રમ્પના આરોપો પર ભડક્યા મેલોની

### મેલોની ઇટાલીના રાષ્ટ્રવાદી અને દક્ષિણપંથી વિચારધારા ધરાવતા નેતા હોવાથી ભૂતકાળમાં ટ્રમ્પના સમર્થકો તેમને વૈશ્વિક સ્તરે પોતાના સાથી માનતા હતા

નવી દિલ્હી,તા.૩૦

ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા G7 સમિટને લઈને મૂકવામાં આવેલા ગંભીર આરોપો પર આકરી પ્રતિક્રિયા આપી છે. તાજેતરમાં જ ટ્રમ્પે એક વિવાદાસ્પદ નિવેદનમાં દાવો કર્યો હતો કે ઈટાલીમાં યોજાયેલી G7 સમિટ દરમિયાન જ્યોર્જિયા મેલોનીએ અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેનના વહીવટીતંત્રના ઈશારે અને તેમના પ્રભાવ હેઠળ કામ કર્યું હતું. ટ્રમ્પના આ સનસનાટીભર્યા આક્ષેપો બાદ વૈશ્વિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે અને બંને નેતાઓ વચ્ચેના સંબંધોમાં તણાવની સ્થિતિ સર્જાઈ છે.રોમમાં એક પત્રકાર પરિષદ દરમિયાન ટ્રમ્પના આરોપો અંગે પૂછવામાં આવતા ઈટાલિયન પીએમ મેલોનીએ અત્યંત આક્રમક અને સ્પષ્ટ શબ્દોમાં જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું, "હું કે મારું વહીવટીતંત્ર કોઈ વિદેશી શક્તિ કે કોઈ નેતાની કઠપૂતળી નથી. ઈટાલી એક સાર્વભૌમ રાષ્ટ્ર છે અને આંતરરાષ્ટ્રીય મંચ પર અમારા નિર્ણયો માત્ર અને માત્ર ઈટાલીના રાષ્ટ્રીય હિતો અને અમારા નાગરિકોની ભલાઈને ધ્યાનમાં રાખીને જ લેવામાં આવે છે." મેલોનીએ ઉમેર્યું કે G7 સમિટનું આયોજન સંપૂર્ણપણે પારદર્શી અને લોકતાંત્રિક રીતે વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે કરવામાં આવ્યું હતું, જેમાં કોઈ એક દેશનો દબદબો નહોતો.રાજકીય વિશ્લેષકોના મતે, ડોનાલ્ડ ટ્રમ્પની નારાજગી પાછળ G7 સમિટમાં રશિયા-યુક્રેન યુદ્ધ અને ચીન સામે લેવાયેલા કેટલાક આકરા નિર્ણયો હોઈ શકે છે. ટ્રમ્પ લાંબા સમયથી બાઈડેન વહીવટીતંત્રની વિદેશ નીતિ અને યુક્રેનને અપાતી અબજો ડોલરની સૈન્ય સહાયના વિરોધી રહ્યા છે. સમિટ દરમિયાન મેલોની અને બાઈડેન વચ્ચે ગ્લોબલ સિક્યોરિટી અને આર્થિક પ્રતિબંધો અંગે સમાન સૂર જોવા મળ્યો હતો, જેના કારણે ટ્રમ્પે મેલોની પર બાઈડેનની 'કઠપૂતળી' હોવાનો આરોપ મઢી દીધો હતો. જોકે, મેલોનીએ સ્પષ્ટ કર્યું કે વૈશ્વિક લોકશાહી અને સુરક્ષા માટે જે યોગ્ય હતું, તે જ નિર્ણયો લેવામાં આવ્યા છે.

જ્યોર્જિયા મેલોની ઈટાલીના રાષ્ટ્રવાદી અને દક્ષિણપંથી વિચારધારા ધરાવતા નેતા હોવાથી ભૂતકાળમાં ટ્રમ્પના સમર્થકો તેમને વૈશ્વિક સ્તરે પોતાના સાથી માનતા હતા. પરંતુ આ તાજેતરના વિવાદ બાદ બંને દક્ષિણપંથી નેતાઓ સામસામે આવી ગયા છે. મેલોનીએ ટ્રમ્પને નમ્રતાપૂર્વક યાદ અપાવ્યું કે આંતરરાષ્ટ્રીય મુત્સદ્દીગીરીમાં પરસ્પર સન્માન જરૂરી છે. અમેરિકામાં આગામી રાજકીય બદલાવો વચ્ચે ઈટાલી અને વ્હાઈટ હાઉસના સંબંધો આગામી સમયમાં કેવો વળાંક લે છે, તેના પર હવે આખા વિશ્વની નજર ટકેલી છે.

### દ્વિપક્ષીય વેપાર સંબંધોને વધુ મજબૂત બનાવવા અંગે મહત્વપૂર્ણ ચર્ચા

# India-America વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરાર અંગે યુએસ ટ્રેડ પ્રતિનિધિ સાથે યોજાઈ ઉચ્ચસ્તરીય બેઠક

### કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ સાથે દ્વિપક્ષીય વેપાર સંબંધોને વધુ મજબૂત બનાવવા અંગે મહત્વપૂર્ણ ચર્ચા કરી

નવી દિલ્હી,તા.૩૦

યુનાઈટેડ સ્ટેટ્સ-ઈન્ડિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ ફોરમ (USISPF) દ્વારા તેની નવમી વાર્ષિક લીડરશિપ સમિટની શરૂઆત અમેરિકાના ટ્રેડ રિપ્રેઝેન્ટેટિવ એમ્બેસેડર ગ્રીર સાથે યોજાયેલી ક્લોઝ્ડ-ડોર રાઉન્ડટેબલ બેઠકથી કરવામાં આવી. આ વર્ષે યોજાયેલી સમિટને ખાસ મહત્વ આપવામાં આવી રહ્યું છે, કારણ કે અમેરિકા પોતાની સ્વતંત્રતાની ૨૫૦મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યું છે.આ બેઠક એવા સમયે યોજાઈ હતી જ્યારે થોડા દિવસો પહેલાં જ એમ્બેસેડર ગ્રીરે ભારતની મુલાકાત દરમિયાન કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ સાથે દ્વિપક્ષીય વેપાર સંબંધોને વધુ મજબૂત બનાવવા અંગે મહત્વપૂર્ણ ચર્ચા કરી હતી. બંને દેશો વચ્ચે સંતુલિત અને પરસ્પર લાભદાયી ભારત-અમેરિકા દ્વિપક્ષીય વેપાર કરાર (BTA) તેમજ ૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ના સંયુક્ત નિવેદનને અનુરૂપ વચગાળાના કરારને આગળ વધારવા માટે આ ચર્ચાને મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.રાઉન્ડટેબલ દરમિયાન USISPFના બોર્ડ સભ્યોએ એમ્બેસેડર ગ્રીર સાથે વેપાર સંબંધોને વધુ ગાઢ બનાવવા માટેના વિવિધ મુદ્દાઓ પર સીધી ચર્ચા કરી હતી. તેમાં બંને દેશો વચ્ચે માર્કેટ એક્સેસ વધારવો, ડિજિટલ ટ્રેડને પ્રોત્સાહન આપવું, સપ્લાય ચેઈનને વધુ મજબૂત બનાવવી તેમજ નોન-ટેરિફ અવરોધોમાં ઘટાડો કરવા જેવા મુદ્દાઓનો સમાવેશ થયો હતો. નિષ્ણાતોના મતે ભારત અને અમેરિકા વચ્ચે વેપાર અને રોકાણના સંબંધો સતત મજબૂત બની રહ્યા છે. આવી ઉચ્ચસ્તરીય બેઠકો બંને દેશો વચ્ચેના આર્થિક સહયોગને નવી દિશા આપશે અને ભવિષ્યમાં વેપાર, ટેક્નોલોજી તેમજ વૈશ્વિક સપ્લાય ચેઈનમાં ભાગીદારી વધુ વિસ્તરવાની સંભાવના મજબૂત બનશે.

### ટ્રમ્પને મોટો ઝટકો

# યૌન શોષણ કેસમાં દોષિત હોવાનો ચુકાદો યથાવત્, ચૂકવવા પડશે ૪૩ કરોડ

### સુપ્રીમ કોર્ટના આ આકરા નિર્ણય બાદ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર પોતાની ભારે નારાજગી વ્યક્ત કરી

નવી દિલ્હી,તા.૩૦

યૌન શોષણના કેસમાં પહેલાંથી જ દોષિત જાહેર થઈ ચૂકેલા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને સુપ્રીમ કોર્ટ તરફથી પણ કોઈ રાહત મળી નથી. અમેરિકાની સુપ્રીમ કોર્ટે સોમવાર, ૨૯ જૂનના રોજ ડોનાલ્ડ ટ્રમ્પની એ અપીલને ફગાવી દીધી છે, જેમાં તેમણે જ્યુરીના જૂના ચુકાદાને પલટવાની માંગ કરી હતી. જ્યુરીએ અગાઉ પોતાના ચુકાદામાં માન્યું હતું કે ટ્રમ્પે પૂર્વ કોલમ લેખિકા ઈ. જીન કેરોલનું યૌન શોષણ કર્યું હતું. આ બદલ ટ્રમ્પે પીડિતાને ૫૦ લાખ ડોલર (આશરે ૪૩ કરોડ રૂપિયા)નું આર્થિક વળતર ચૂકવવું પડશે.

અમેરિકાની સુપ્રીમ કોર્ટે ટ્રમ્પની આ અરજી પર સુનાવણી કરવાનો જ ઈનકાર કરી દીધો છે. કોર્ટે અન્ય કેટલાક કેસની સાથે જ આ ચુકાદો જાહેર કર્યો હતો અને તેની પાછળ કોઈ ચોક્કસ કારણ આપ્યું નથી. ઉલ્લેખનીય છે કે, ૯ મે ૨૦૨૩ના રોજ મેનહટનની એક ફેડરલ સિવિલ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે ટ્રમ્પે વર્ષ ૧૯૯૬માં ન્યૂયોર્કના એક સ્ટોરમાં ઈ. જીન કેરોલનું યૌન શોષણ કર્યું હતું.સુપ્રીમ કોર્ટના આ આકરા નિર્ણય બાદ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર પોતાની ભારે નારાજગી વ્યક્ત કરી છે. તેમણે પોસ્ટમાં લખ્યું કે, 'એ જાણીને આશ્ચર્ય થાય છે કે સુપ્રીમ કોર્ટે મારા વિરુદ્ધ ચલાવવામાં આવેલા આ ફેક કેસની સમીક્ષા કરવાનો ઈનકાર કરી દીધો. આ કેસ એક એવી મહિલાએ દાખલ કર્યો છે જેને હું ક્યારેય મળ્યો જ નથી. દાયકાઓ જૂનો એક ફોટોગ્રાફ, જેમાં અમે તેના પતિ સાથે એક લાઈનમાં ઊભેલા દેખાઈએ છીએ, તે આ વાતનો પુરાવો હોઈ શકે નહીં.'

ટ્રમ્પે વધુમાં આક્રોશ ઠાલવતા કહ્યું કે, "મારી વિરુદ્ધ કાયદાનો જે ખોટો ઉપયોગ થઈ રહ્યો છે, તેની સામે હું મારી પૂરી તાકાતથી કાનૂની લડાઈ ચાલુ રાખીશ. આ લડાઈમાં માનહાનિના આ મૂર્ખામીભર્યા દાવાનો પણ સમાવેશ થાય છે.'

હવે ૮૨ વર્ષના થઈ ચૂકેલા ઈ. જીન કેરોલે વર્ષ ૨૦૧૯માં પ્રકાશિત થયેલા પોતાના એક પુસ્તકમાં દાવો કર્યો હતો કે ૨૩ વર્ષ પહેલાં એક સ્ટોરના ટ્રાયલ રૂમમાં તેમની સાથે દુષ્કર્મ થયું હતું. તે સમયે રિપબ્લિકન પક્ષના નેતા ડોનાલ્ડ ટ્રમ્પે કેરોલને 'પાગલ મહિલા' કહીને બોલાવ્યા હતા. બીજી તરફ, કેરોલના વકીલ રોબર્ટા કેપ્લાને સુપ્રીમ કોર્ટના આ નિર્ણયને આવકારતા જણાવ્યું છે કે, સુપ્રીમ કોર્ટે ફરી એકવાર જ્યુરીના સર્વસંમત નિર્ણય પર મહોર લગાવી દીધી છે.

આ કાનૂની લડાઈ વચ્ચે એક નવો વળાંક પણ સામે આવ્યો છે. મે મહિનાના અંતમાં અમેરિકન ન્યાય વિભાગે ઈ. જીન કેરોલ વિરુદ્ધ જ એક ગુનાહિત તપાસ શરૂ કરી દીધી છે. મીડિયા રિપોર્ટ મુજબ, તપાસ અધિકારીઓ એ વાતની તપાસ કરી રહ્યા છે કે શું કેરોલે કોર્ટમાં જુબાની આપતી વખતે શપથ લઈને જૂઠું બોલ્યા હતા?

ખાસ કરીને કેરોલના એ નિવેદનની તપાસ થઈ રહી છે જેમાં તેમણે કહ્યું હતું કે, તેમને કેસ લડવા માટે કોઈ બહારની વ્યક્તિ પાસેથી આર્થિક મદદ મળી નથી. જોકે, બાદમાં સામે આવ્યું હતું કે અબજોપતિ રીડ હોફમેને તેમની કાનૂની ફી અને અન્ય ખર્ચનો એક ભાગ ચૂકવ્યો હતો. આ ઘટના બાદ એવા આક્ષેપો થઈ રહ્યા છે કે ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના પ્રમુખ પદ અને ન્યાય વિભાગનો દુરુપયોગ કરીને પોતાના અંગત રાજકીય વિરોધીઓને નિશાન બનાવી રહ્યા છે.

### રાજ્યસભામાં વધ્યો NDAનો દબદબો

# બે-તૃતીયાંશ બહુમતીથી માત્ર ૧૧ ડગલાં દૂર, વિપક્ષની વધી ચિંતા

### પશ્ચિમ બંગાળની પેટાચૂંટણી અને TMCમાં ભંગાણથી ૧૬૪નો જાદુઈ આંકડો પણ શક્ય બનશે

પશ્ચિમ બંગાળ,તા.૩૦

દેશના રાજકારણ અને સંસદના ઉપલા ગૃહ એટલે કે રાજ્યસભામાંથી એક ખૂબ જ મોટા સમાચાર સામે આવ્યા છે. સોમવારે નવા ચૂંટાયેલા રાજ્યસભા સાંસદોએ શપથ લીધાની સાથે જ ગૃહનું આખું ગણિત બદલાઈ ગયું છે. હવે ભારતીય જનતા પાર્ટી (BJP)ના નેતૃત્વવાળા NDA ગઠબંધનનું પલ્લું રાજ્યસભામાં પહેલાં કરતાં ઘણું વધારે મજબૂત થઈ ગયું છે. આ ફેરબદલને કારણે મોદી સરકાર માટે રાજ્યસભામાં બે-તૃતીયાંશ (૨/૩) બહુમતી મેળવવાની એક સુવર્ણ તક ઊભી થઈ છે.

જો સરકાર આગામી સમયમાં લોકસભાની બેઠકો વધારવા અથવા આગામી સામાન્ય ચૂંટણીથી મહિલાઓ માટે ૩૩% અનામત બેઠકો લાગુ કરવા જેવા મોટા બંધારણીય સુધારાના બિલ પસાર કરાવવા માંગતી હશે, તો રાજ્યસભાનું આ નવું સમીકરણ સરકાર માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થશે.

વર્તમાન સમયમાં ૨૪૨ સભ્યોની સંખ્યા ધરાવતી રાજ્યસભામાં એનડીએના પોતાના સાંસદોની સંખ્યા વધીને ૧૪૧ થઈ ગઈ છે. આ ઉપરાંત, સરકારને ૧૦ નોમિનેટેડ અને અપક્ષ સાંસદોના સમર્થન પર પણ પૂરો ભરોસો છે. આ બંનેને મેળવતાં એનડીએની પાકી સંખ્યા ૧૫૧ સુધી પહોંચી જાય છે, જે સદનમાં સામાન્ય બહુમતી માટે જરૂરી આંકડા કરતાં ઘણી વધારે છે. જોકે, બે-તૃતીયાંશ બહુમતી મેળવવા માટે એનડીએ હજુ પણ જરૂરી આંકડાથી ૧૧ બેઠક દૂર છે.

સંસદના આ નવા સમીકરણમાં બે પ્રાદેશિક પક્ષો- ઓડિશાની બીજુ જનતા દળ (BJD- ૫ સાંસદ) અને આંધ્રપ્રદેશની વાયએસઆર કોંગ્રેસ પાર્ટી (YSRCP- ૪ સાંસદ) કિંગમેકરની ભૂમિકામાં આવી ગયા છે. આ બંને પક્ષો ન તો એનડીએનો ભાગ છે અને ન તો વિપક્ષી 'INDIA' બ્લોક સાથે જોડાયેલા છે.પરંતુ ઈતિહાસ સાક્ષી છે કે આ બંને પાર્ટીઓએ ભૂતકાળમાં પણ સરકારના ઘણા મોટા કાયદાકીય એજન્ડાનું ખુલ્લેઆમ સમર્થન કર્યું છે. જો આ ૯ સાંસદોનું સમર્થન પણ સરકારને મળી જાય, તો રાજ્યસભામાં એનડીએનો આંકડો ૧૬૦ પર પહોંચી જશે.પશ્ચિમ બંગાળની ૩ બેઠકોઃ આગામી સમયમાં પશ્ચિમ બંગાળની ત્રણ ખાલી રાજ્યસભા બેઠકો પર પેટાચૂંટણી થવાની છે. રાજ્ય વિધાનસભામાં ભાજપની મજબૂત સંખ્યાને જોતાં આ ત્રણેય બેઠકો પર ભાજપની જીત લગભગ નક્કી મનાય છે, જેનાથી એનડીએનો આંકડો ૧૬૩ થઈ જશે.TMCમાં મોટી તૂટનો દાવોઃ તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના બળવાખોર જૂથોનો દાવો છે કે આવનારા દિવસોમાં પાર્ટીના કેટલાક વધુ રાજ્યસભા સાંસદો રાજીનામું આપી શકે છે. જો આવું થશે, તો ૨૪૫ સભ્યોની કુલ ક્ષમતાવાળી રાજ્યસભામાં બે-તૃતીયાંશ બહુમતી માટે જરૂરી ૧૬૪નો જાદુઈ આંકડો મેળવવો એનડીએ માટે ખૂબ જ સરળ બની જશે.

રાજ્યસભામાં ભલે સરકારનો રસ્તો સાફ દેખાઈ રહ્યો હોય, પરંતુ અસલી અને મોટી ચેલેન્જ હજુ પણ લોકસભામાં છે. જોકે, વિપક્ષી ખેમામાં મચેલી ભાગદોડે એનડીએની આશાઓને પાંખો આપી દીધી છે. ૨૮ સાંસદો સાથે સંસદનો ચોથો સૌથી મોટો પક્ષ ગણાતી તૃણમૂલ કોંગ્રેસ ની અંદર મોટો બળવો થઈ ચૂક્યો છે, તો બીજી તરફ તમિલનાડુમાં દ્રસ્દ્ર કોંગ્રેસથી અલગ થવાના સમાચારોએ વિપક્ષી 'INDIA' ગઠબંધનને નબળું પાડ્યું છે.સાંસદોના 'નેશનલિસ્ટ સિટિઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા' (NCPI) સાથેના વિલયને અને શિવસેના UBTના ૬ બળવાખોર સાંસદોના એકનાથ શિંદે જૂથવાળી શિવસેનામાં વિલયને લીલી ઝંડી આપી દે છે, તો લોકસભામાં એનડીએની તાકાત અણધારી રીતે વધી જશે. આમ છતાં, ૫૪૦ સભ્યોની સંખ્યા ધરાવતી લોકસભામાં બંધારણ સુધારા માટે જરૂરી ૩૬૦ના આંકડા સુધી પહોંચવું એનડીએ માટે અત્યારે પણ એક કઠિન કામ સાબિત થશે.

### ૨૨ ગામના ખેડૂતો-સરપંચોએ મામલતદાર કચેરી ગજવી

# વીજપોલ મુદ્દે કલેક્ટર સાથેની બેઠકનો બહિષ્કાર

**ખેડૂતોએ કલેક્ટર સાથેની વાતચીતનો સામૂહિક બહિષ્કાર કરીને કચેરી પરિસરને 'જય જવાન, જય કિસાન'ના ગગનભેદી નારાઓથી ગજવી મૂક્યું હતું**

મોરબી,તા.૩૦

મોરબી જિલ્લામાં હળવદ પંથકમાં ખેતરોમાં નાખવામાં આવી રહેલા હાઈટેન્શન વીજપોલ નો વિરોધ હવે વધુ ઉગ્ર અને આક્રમક બન્યો છે. વીજપોલના વિરોધમાં ૨૨થી વધુ ગામના સરપંચો અને સેંકડો ખેડૂતો મોટી સંખ્યામાં હળવદ મામલતદાર કચેરી ખાતે ઉમટી પડ્યા હતા. ખેડૂતોના આક્રોશને જોતા મોરબી જિલ્લા કલેક્ટર સહિતના ઉચ્ચ અધિકારીઓનો કાફલો તાત્કાલિક હળવદ મામલતદાર કચેરી ખાતે દોડી આવ્યો હતો. જો કે, તંત્રના વલણથી નારાજ ખેડૂતોએ કલેક્ટર સાથેની વાતચીતનો સામૂહિક બહિષ્કાર કરીને કચેરી પરિસરને 'જય જવાન, જય કિસાન'ના ગગનભેદી નારાઓથી ગજવી મૂક્યું હતું.ખેડૂતોની જમીનમાં વાલીપણા હક અને વળતર વિના નાખવામાં આવતા વીજપોલની કામગીરી સામે જેતપર ખાતે આમરણાંત ઉપવાસ આંદોલન ચાલી રહ્યું છે. હળવદ અને મોરબી પંથકના ગ્રામીણ વિસ્તારોમાંથી આ આંદોલનને પ્રચંડ સમર્થન મળી રહ્યું છે. મામલતદાર કચેરીએ એકઠા થયેલા ખેડૂતોએ એકસૂરે માંગ કરી છે કે, જ્યાં સુધી વીજપોલ ઊભા કરવાનું કામ સદંતર બંધ કરવામાં નહીં આવે અને ઉપવાસ પર બેસેલા આંદોલનકારીઓના પારણાં કરાવવામાં નહીં આવે, ત્યાં સુધી વહીવટી તંત્ર સાથે કોઈ પણ પ્રકારની સમાધાનકારી ચર્ચા કરવામાં આવશે નહીં.ખેડૂતો અને ૨૨ ગામના સરપંચોના આ અણધાર્યા આક્રમક વલણને પગલે કલેક્ટર કચેરી અને પોલીસ તંત્ર ભારે દોડતું થઈ ગયું છે. કચેરી બહાર કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવાયો છે. ખેડૂતોનો આરોપ છે કે તંત્ર દ્વારા તેમની રજૂઆતો સાંભળવાને બદલે કંપનીઓને ફાયદો કરાવવામાં આવી રહ્યો છે.

### આખેઆખી કાર સમાઈ જાય તેવા ભુવા પડ્યા

# મોટા વરાછામાં પ્રથમ વરસાદમાં જ ૪૦૦ મીટરનો રસ્તો બેસી ગયો

**સદનસીબે જ્યારે આ રસ્તો બેસી ગયો ત્યારે કોઈ વાહન ત્યાંથી પસાર ન થતું હોવાથી મોટી જાનહાનિ ટળી છે**

સુરત,તા.૩૦

સુરત મહાનગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરી અને કરોડોના ભ્રષ્ટાચારની પોલ ચોમાસાના પ્રથમ વરસાદે જ ખોલી નાખી છે. સુરતના લાઈમલાઈટ ગણાતા મોટા વરાછા વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારી અને તંત્રને શરમાવે તેવી ઘટના સામે આવી છે. અહીં કરોડોના ખર્ચે બનેલો આશરે ૪૦૦ મીટર લાંબો આખો રસ્તો પહેલા જ સામાન્ય વરસાદમાં પત્તાના મહેલની જેમ બેસી ગયો છે. રસ્તા પર એક-બે નહીં પરંતુ આખેઆખી કાર સમાઈ જાય તેવડા મોટા ૪ થી ૫ ભયાનક ભુવા પડતાં સ્થાનિકોમાં પાલિકા સામે ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે.સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, થોડા સમય પહેલા જ પાલિકા દ્વારા આ મુખ્ય રસ્તા પર ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી કરવામાં આવી હતી. ડ્રેનેજનું કામ પૂરું થયા બાદ રસ્તાનું પ્રોપર કાર્પેટિંગ કે પુરાણ ન કરાયું હોવાથી, વરસાદી પાણી ભરાતા જ આખો રોડ નીચે બેસી ગયો હતો. રસ્તાની આવી બદતર હાલત જોઈને વાહનચાલકો પણ ફફડી ઉઠ્યા હતા. સદનસીબે જ્યારે આ રસ્તો બેસી ગયો ત્યારે કોઈ વાહન ત્યાંથી પસાર ન થતું હોવાથી મોટી જાનહાનિ ટળી છે.આ ઘટના વાયરલ થતાં જ સુરત પાલિકાના ઉચ્ચ અધિકારીઓનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. કોઈ મોટી દુર્ઘટના ન ઘટે તે માટે વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી આ ૪૦૦ મીટરના આખા માર્ગને વાહનવ્યવહાર માટે ડાયવર્ટ કરી બંધ કરી દેવામાં આવ્યો છે. હાલમાં જેસીબી સહિતની ભારે મશીનરીઓ ઘટનાસ્થળે મંગાવીને યુદ્ધના ધોરણે રસ્તાના રિપેરિંગની કામગીરી શરૂ કરવામાં આવી છે. જો કે, સ્માર્ટ સિટી સુરતમાં સામાન્ય વરસાદમાં જ આખો રસ્તો ધોવાઈ જતાં પાલિકાના કોન્ટ્રાક્ટરો અને એન્જિનિયરોની કામગીરી પર જનતા હવે ગંભીર સવાલો ઉઠાવી રહી છે.

### તંત્રની સાઠગાંઠથી ધમધમતું હતું કૌભાંડ!

# ચિત્રલાખામાં ખનિજ ચોરી પર રાજકોટ રેન્જ આઇજીની ટીમ ત્રાટકી

**૩૭૦ ટન કોલસો, ૦૩ ટ્રેક્ટર અને ૩ મોટરસાયકલ, ૩ કમ્પ્રેસર અને ૧ જનરેટર સહિત કુલ ૨૩,૩૦,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ પોલીસે સ્થળ પરથી સીઝ કર્યો છે**

સુરેન્દ્રનગર,તા.૩૦

સુરેન્દ્રનગર જિલ્લામાં લાંબા સમયથી ચાલી રહેલી ગેરકાયદે ખનિજ ચોરી પ્રવૃત્તિઓ પર આખરે રાજકોટ રેન્જની ટીમે લાલઆંખ કરી છે. ચિત્રલાખા વિસ્તારમાં સરકારી ખરાબાની જમીન પર મોટા પાયે ચાલી રહેલા ગેરકાયદે ખોદકામ પર રેન્જ આઈજીની ટીમે ઓચિંતા દરોડા પાડ્યા છે. આ દરોડા દરમિયાન ટીમે ઘટનાસ્થળેથી ૨૩.૩૦ લાખ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, ચિત્રલાખામાં આવેલી સરકારી માલિકીની ખરાબાની જમીન પર ખનિજ માફિયાઓ કોઈપણ પ્રકારની મંજૂરી વિના બેફામ ખોદકામ કરી રહ્યા હતા. અહીંથી કિંમતી ગણાતા કાર્બોસેલની ચોરી કરીને તેને કાળાબજારમાં વેચવાનું મોટું નેટવર્ક સક્રિય હતું.

ચર્ચા છે કે આ સમગ્ર કૌભાંડ સ્થાનિક સરકારી વિભાગના કેટલાક જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓની છૂપી સાઠગાંઠ અને આશીર્વાદથી જ લાંબા સમયથી ધમધમી રહ્યું હતું, જેના પર છેક રાજકોટથી આવેલી રેન્જની ટીમે પાણી ફેરવી દીધું છે. દરોડા દરમિયાન રેન્જની ટીમે ઘટનાસ્થળેથી ખોદકામ અને હેરફેર માટે ઉપયોગમાં લેવાતા વાહનો અને સાધનો સહિત મોટી માત્રામાં જથ્થો ઝડપી પાડ્યો છે. જેમાં ૩૭૦ ટન કોલસો, ૦૩ ટ્રેક્ટર અને ૩ મોટરસાયકલ, ૩ કમ્પ્રેસર અને ૧ જનરેટર સહિત કુલ ૨૩,૩૦,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ પોલીસે સ્થળ પરથી સીઝ કર્યો છે.રાજકોટ રેન્જની ટીમની આ ઓચંતી એન્ટ્રીથી સુરેન્દ્રનગર જિલ્લાના અન્ય વિસ્તારોમાં ગેરકાયદે ખનિજ ચોરી કરતા ભૂમાફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. હાલમાં પોલીસે ગુનો નોંધીને આ રેકેટ પાછળ કયા મોટા માથાઓ સંડોવાયેલા છે અને સ્થાનિક કક્ષાએથી તેમને કોણ પ્રોત્સાહન પૂરું પાડતું હતું તે દિશામાં ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

### એક વ્યક્તિ, એક પદ ના નિયમ હેઠળ ફેરબદલની શક્યતા

# કેન્દ્રની નવી કેબિનેટમાં યુપી-પંજાબનો રહેશે દબદબો

**કેન્દ્ર સરકારના મંત્રીમંડળમાં આગામી દિવસોમાં મોટા ફેરફારો અને વિસ્તરણ થવાની સંભાવનાઓ પ્રબળ બની છે**

નવી દિલ્હી,તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારના મંત્રીમંડળમાં આગામી દિવસોમાં મોટા ફેરફારો અને વિસ્તરણ થવાની સંભાવનાઓ પ્રબળ બની છે. રાજકીય વર્તુળોમાં ચાલી રહેલી ચર્ચા મુજબ, આ કેબિનેટ વિસ્તરણનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી વર્ષે જે રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે ત્યાંના રાજકીય અને સામાજિક સમીકરણોને સાધવાનો છે. સંસદનું ચોમાસું સત્ર ૨૦ જુલાઈથી શરૂ થવાની ધારણા છે, અને વડાપ્રધાનના સત્તાવાર પ્રવાસો ૧૧ જુલાઈ સુધી નિર્ધારિત હોવાથી, આ સત્રની શરૂઆત પહેલાં જ નવી ટીમની જાહેરાત થઈ શકે છે.

હાલમાં કેન્દ્રીય મંત્રીમંડળમાં વડાપ્રધાન સહિત ૭૨ મંત્રીઓ સામેલ છે, જેમાંથી મહત્તમ સંખ્યા ૮૧ સુધી થઈ શકે તેમ છે. આ નિયમ મુજબ હાલમાં ૯ પદ ખાલી છે અને કેટલાક મંત્રીઓના રાજીનામા બાદ કુલ ૧૩ નવી જગ્યાઓ ઉપલબ્ધ બને તેવી ગણતરી છે. પંકજ ચૌધરી અને હર્ષ મલ્હોત્રા અનુક્રમે ઉત્તર પ્રદેશ અને દિલ્હીના ભાજપ પ્રદેશ પ્રમુખ બન્યા હોવાથી, પક્ષના 'એક વ્યક્તિ, એક પદ'ના સિદ્ધાંત હેઠળ તેઓ મંત્રીપદ છોડી શકે છે. આ ઉપરાંત જ્યોર્જ કુરિયન રાજીનામું આપી ચૂક્યા છે અને રવનીત સિંહ બિટ્ટુનો રાજ્યસભાનો કાર્યકાળ પૂર્ણ થતાં ખાલી પડેલી જગ્યાઓ પર નવા ચહેરા લાવવામાં આવશે.આગામી વર્ષની શરૂઆતમાં ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, ગોવા અને મણિપુર તેમજ વર્ષના અંતમાં હિમાચલ પ્રદેશ અને ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે. ઉત્તર પ્રદેશના રાજકીય સમીકરણો, ખાસ કરીને પશ્ચિમી યુપી અને ઓબીસી-દલિત મતદારોને આકર્ષવા માટે મંત્રીમંડળમાં રાજ્યની ભૂમિકા વિસ્તરી શકે છે. પંજાબમાં પક્ષને મજબૂત કરવા માટે શીખ સમુદાય અને આમ આદમી પાર્ટીમાંથી ભાજપમાં આવેલા નેતાઓમાંથી કોઈને સ્થાન મળી શકે છે. ઉત્તરાખંડના દલિત ચહેરા અજય ટમટાનું કદ વધારવામાં આવે તેવી પણ અટકળો છે.

પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ(TMC)માંથી અલગ થઈને સત્તાધારી ગઠબંધનને સમર્થન આપનારા સાંસદો તેમજ મહારાષ્ટ્રમાં શિવસેના(UBT)માંથી ઉદ્ધવ ઠાકરેનો સાથ છોડી એકનાથ શિંદે જૂથમાં સામેલ થયેલા સાંસદોને કારણે રાજકીય સમીકરણો બદલાયા છે.

શિંદે જૂથના સાંસદોની સંખ્યા વધુ હોવાથી તેમના કોટામાંથી એક-બે નવા મંત્રીઓ ઉમેરાઈ શકે છે. આ સિવાય, બિહારના રાજકારણમાં થયેલા તાજેતરના પ્રવાહો અને નીતીશ કુમારની રાજ્યસભામાં પસંદગી બાદ બિહારના પ્રતિનિધિત્વમાં પણ વધારો થવાના સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે.

### દાગીના ઓગાળીને બનાવતા હતા સોનાની લગડી

# માતાજીની વિધિના નામે લોકોને લૂંટતા ૨ શખ્સો દબોચાયા

**પોલીસે રાજકોટના બે આરોપીઓને ઝડપી પાડી તેમની પાસેથી ઓગાળેલી સોનાની લગડીઓ અને રોકડ રકમ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે**

સુરત,તા.૩૦

સુરત શહેરમાં "માતાજીની વિધિ" અને "પિતૃદોષ નિવારણ"ના નામે લોકોની ધાર્મિક લાગણીઓનો લાભ લઈ સોનાના દાગીના પડાવી લેતી ટોળકીનો લસકાણા પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે રાજકોટના બે આરોપીઓને ઝડપી પાડી તેમની પાસેથી ઓગાળેલી સોનાની લગડીઓ અને રોકડ રકમ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપીઓએ લસકાણા પોલીસ સ્ટેશનનો એક અને ઉત્રાણ પોલીસ સ્ટેશનના બે મળી કુલ ત્રણ ગુનાઓ આચર્યાનું તપાસમાં બહાર આવ્યું છે.મિલકત સંબંધિત ગુનાઓના આરોપીઓને શોધી કાઢવા માટે ખાસ અભિયાન ચલાવવામાં આવી રહ્યું હતું. આ અભિયાન અંતર્ગત ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે રાજકોટમાંથી બે આરોપીઓને ઝડપી પાડવામાં સફળતા મેળવી હતી. ઝડપાયેલા આરોપીઓમાં કાળુનાથ લખુનાથ નકુમ (ઉંમર ૩૭), રહેવાસી આનંદપર નવાગામ, રાજકોટ તથા દેવાયત કાનજીભાઈ નાથબાવા (રાઠોડ) (ઉંમર ૩૬), રહેવાસી પડધરી તાલુકો, રાજકોટનો સમાવેશ થાય છે.પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓ રાજકોટથી બસ મારફતે સુરત આવતા હતા અને શહેરના વિવિધ કાઠિયાવાડી વિસ્તારોમાં ફરી ઉંમરલાયક પુરુષો અને મહિલાઓને ઓળખાણ કેળવતા હતા. તેઓ લોકોને "રામાપીરના મંડળમાં જમવા આવજો" જેવી વાતો કરીને વિશ્વાસમાં લેતા અને પછી તેમના ઘરમાં પિતૃદોષ હોવાથી પરિવારના સભ્યો વારંવાર બીમાર પડે છે તેમજ ઘરમાં પૈસા ટકતા નથી તેવી વાત કહી ખાસ ધાર્મિક વિધિ કરાવવાની સલાહ આપતા હતા. વિધિ માટે તેઓ મહિલાઓને ગ્લાસ, કંકુ, ચોખા, પાણી અને ઘરના સોનાના દાગીના લાવવા કહેતા હતા. ત્યારબાદ મંત્રોચ્ચાર અને જાપ કરાવવાના બહાને દાગીના પોતાના કબજામાં લઈ પળવારમાં ત્યાંથી ફરાર થઈ જતા હતા. ઘણા પરિવારોને દાગીના ગુમ થયા બાદ છેતરાયા હોવાની જાણ થતી હતી.

પોલીસે જણાવ્યું કે, આરોપીઓ ચોરાયેલા દાગીનાની કોઈ ઓળખ ન રહે તે માટે તરત જ ઓગાળી સોનાની લગડી બનાવી દેતા હતા. બાદમાં આ લગડીઓ વેચવાનો ઈરાદો રાખતા હતા. જોકે તે પહેલાં જ પોલીસે બંને આરોપીઓને ઝડપી પાડી તેમની પાસેથી વિવિધ ગુનાઓમાં મેળવેલો મુદ્દામાલ કબજે કર્યો છે.લસકાણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં આરોપીઓએ એક સોનાની વીંટી (આશરે ૫ ગ્રામ), એક જોડી સોનાની બુટ્ટી (આશરે ૧૦ ગ્રામ) તેમજ રૂ. ૫૧૦૦ રોકડ મળી કુલ અંદાજે રૂ.૧.૫૫ લાખની છેતરપિંડી આચરી હતી. આ દાગીના ઓગાળીને બનાવેલી આશરે ૧૫.૦૮૦ ગ્રામ સોનાની લગડી અને રોકડ રકમ પોલીસે કબજે કરી છે.

ઉત્રાણ પોલીસ સ્ટેશનના પ્રથમ ગુનામાં આરોપીઓએ બે સોનાની વીંટીઓ (આશરે ૬ ગ્રામ) સાથે રૂ. ૬૦ હજારની છેતરપિંડી કરી હતી. તે દાગીનામાંથી બનેલી ૬.૦૫૦ ગ્રામ સોનાની લગડી પોલીસે જપ્ત કરી છે. બીજા ગુનામાં બે સોનાની બુટ્ટી (આશરે ૭ ગ્રામ) અને રૂ. ૨૦૦૦ રોકડ મળી અંદાજે રૂ.૭૨૦૦૦ની છેતરપિંડી કરવામાં આવી હતી. આ ગુનામાંથી બનેલી ૭.૦૯૦ ગ્રામ સોનાની લગડી તથા રોકડ પણ પોલીસે કબજે કરી છે.સમગ્ર કાર્યવાહી લસકાણા પોલીસ ઈન્સ્પેક્ટર એમ.બી. ઝાલાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફના પો.સ.ઈ. એન.આર. પટેલ તેમજ તેમની ટીમે ટેક્નિકલ વર્કઆઉટ અને હ્યુમન સોર્સિસના આધારે હાથ ધરી હતી. ટીમે રાજકોટ સુધી પહોંચી આરોપીઓને ઝડપી પાડી ત્રણ અલગ-અલગ ગુનાઓનો ભેદ ઉકેલી મહત્વની સફળતા મેળવી છે.

પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે અજાણ્યા વ્યક્તિઓ જો ધાર્મિક વિધિ, પિતૃદોષ દૂર કરવાની વિધિ અથવા માતાજીના નામે સોનાના દાગીના માંગે તો તેમના પર વિશ્વાસ ન કરવો. કોઈપણ અજાણી વ્યક્તિને સોનાના ઘરેણા અથવા કિંમતી વસ્તુઓ ન આપવી અને શંકાસ્પદ વ્યક્તિ દેખાય તો તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશન અથવા પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરવી.

### એઆઇએ ધાર્યા પરિણામ ન આપતાં

# ફોર્ડ કંપનીએ ૩૫૦ અનુભવી એન્જિનિયર્સને પાછા બોલાવ્યા

**ફોર્ડ કંપની હવે અનુભવી એન્જિનિયર્સની સહાયથી એઆઇને વધારે સ્માર્ટ બનાવી ખપમાં લઇ રહી છે**

વોશિંગ્ટન, તા.૩૦

એઆઈ અને ઓટોમેટેડ ક્વોલિટી સિસ્ટમ્સ ઈચ્છિત પરિણામો પુરાં ન પાડી શકતાં અમેરિકન કાર કંપની ફોર્ડે છેલ્લા ત્રણ વર્ષમાં થોડાં ભૂતપૂર્વ કર્મચારીઓ સહિત ૩૫૦ અનુભવી એન્જિનિયર્સને પાછાં બોલાવવા પડયા છે. કંપનીએ જણાવ્યું હતું કે માનવ નિષ્ણાતોને પાછાં બોલાવવાથી ખર્ચમાં ઘટાડો થયો છે અને કંપનીને મુખ્ય કાર બ્રાન્ડમાં જેડી પાવર ઈનિશિયલ ક્વોલિટી સર્વેમાં પહેલું સ્થાન મળ્યું છે. ફોર્ડના ઉચ્ચ અધિકારીઓએ કબૂલ્યું હતું કે કંપનીએ કર્મચારીઓના વિવિધ વાહનોના દાયકાઓના ઈજનેરી અનુભવને કોરાણે મુકી ઓટોમેશન પર વધારે પડતો મદાર રાખ્યો હતો.ફોર્ડના વેહિકલ હાર્ડવેર એન્જિનિયરિંગ વિભાગના વાઈસ પ્રેસિડેન્ટ ચાર્લ્સ પુને જણાવ્યું હતું કે એઆઈ પોતાની મેળે શું હાંસલ કરી શકે તેનો કંપનીએ વધારે પડતો અંદાજ માંડી દીધો હતો. ભૂલથી અમે એમ માની લીધું હતું કે એઆઈ વાપરવાથી અને અમારી ડિઝાઈન જરૂરિયાતો જણાવવાથી ઉચ્ચ ગુણવત્તા ધરાવતા ઉત્પાદનો પેદાં કરી શકાશે. પરંતુ એઆઈ ઉપયોગી સાધન છે પણ તમે તેને તાલીમ આપવા જેટલી સારી માહિતી આપો તેટલું જ તે સારું કામ કરી શકે.પુને જણાવ્યું હતું કે અનુભવી ઈજનેરો કંપની છોડીને જતાં રહ્યા એ પહેલાં ફોર્ડે તેમના જ્ઞાનને જાળવવા માટે પૂરતાં પગલાં ભર્યા નહોતાં. જેના પરિણામે એઆઈ સિસ્ટમ્સ ડેવલપમેન્ટ પ્રોસેસ દરમ્યાન સમસ્યાઓને આગોતરી પારખવા માટે વાસ્તવિક દુનિયામાં જરૂરી નૈપૂણ્યથી વંચિત રહી હતી. આ સમસ્યા ઉકેલવા માટે ફોર્ડ ૩૫૦થી વધારે અનુભવી ઈજનેરોને પાછાં લાવી હતી. ગ્રે બિયર્ડ તરીકે ઓળખાતાં આ ઈજનેરો યુવાન કર્મચારીઓને માર્ગદર્શન આપે છે અને એઆઈ ટૂલ્સને ફરી તાલીમ આપવામાં મદદ કરે છે.કંપનીના ચીફ ઓપરેટિંગ ઓફિસર કુમાર ગલહોત્રાએ જણાવ્યું હતું કે ફોર્ડની સ્થિતિ સુધારવાની વ્યૂહરચનાના કેન્દ્રમાં અનુભવી ઈજનેરો હતા. તેઓ ક્વોલિટી રિવ્યુઝ કરવામાં મોખરે રહી કંપનીને સમસ્યા થાય ત્યારે તે ઉકેલવાને બદલે તેને સર્જાતી જ નિવારવામાં નિષ્ણાત પુરવાર થયા છે. અમે હવે સમસ્યા થાય ત્યારે તેને જોઈ રહેવાને બદલે તેને દૂર કરવાનું શરૂ કરવાની માનસિકતા કેળવી લીધી છે.જો કે ફોર્ડ કંપનીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેઓ એઆઈ ત્યજી રહ્યા નથી. અમે અનુભવી એન્જિનિયર્સ દ્વારા એઆઈને બહેતર ડેટા પુરો પાડી તેને વધારે સ્માર્ટ બનાવી રહ્યા છીએ. કંપનીએ જણાવ્યું હતું કે વિવિધ સંજોગોમાં વાહનોના સ્ટ્રેસ ટેસ્ટ પારખવા માટે બનાવવામાં આવેલાં સ્ટ્રેસ ટેસ્ટ વેહિકલ સોફ્ટવેરમાં અમે એઆઈની સહાયથી એક લાખ કરતાં વધારે વેલિડેશન ટેસ્ટ ઉમેર્યા છે. જેને કારણે વાહનની ડિલિવરી થાય તે પહેલાં જ સમસ્યાઓ છતી થઈ જાય છે.

### રૂ. ૧.૭૦ લાખ કરોડનું રોકાણ

# દેશમાં મંજૂર થયેલા ૧૨માંથી ૬ સેમિકંડક્ટર પ્રોજેક્ટ ગુજરાતમાં

**એક સેમિકંડક્ટર એટલે કે એક ચિપ બનાવવામાં ૧૪૦ લિટર પાણીનો અને ૧.૫ કિલોવોટ વીજળીની જરૂર પડે છે**

નવી દિલ્હી, તા.૩૦

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની શરૂઆત થઈ ચૂકી છે. આ અંતર્ગત સેમિકંડક્ટર ક્ષેત્રમાં ઉત્પાદન (મેન્યુફેક્ચરિંગ) અને તેના વિકાસને વેગ આપવા માટે એક ખાસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભારત સરકારના 'ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન'ના ડાયરેક્ટર ડૉ. મનિષકુમાર હુડા પણ ખાસ હાજર રહ્યા હતા.ડાયરેક્ટરે જણાવ્યું હતું કે, 'ભારતમાં અત્યાર સુધીમાં સેમિકંડક્ટર ઉત્પાદન માટે કુલ ૧૨ પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે, જેમાંથી ૬ પ્રોજેક્ટ્સ એકલા ગુજરાતમાં જ સ્થાપવામાં આવી રહ્યા છે. આ સફળતા પાછળનું મુખ્ય કારણ એ છે કે ગુજરાતે અન્ય રાજ્યોની સરખામણીએ સેમિકંડક્ટર ક્ષેત્રમાં રોકાણકારોને આકર્ષવા માટે ઘણી વહેલી પોલિસી (નીતિ) બનાવી દીધી હતી. હાલમાં દેશભરમાં આ ક્ષેત્રે આશરે ૧.૭૦ લાખ કરોડ રૂપિયાનું મોટું રોકાણ થઈ ચૂક્યું છે. આગામી સમયમાં ભારતમાં બીજા ૬ નવા પ્રોજેક્ટ્સ શરૂ થાય તેવી પૂરી સંભાવના છે, જેના કારણે અત્યારે દેશના ૧૨ રાજ્યો વચ્ચે વધુને વધુ રોકાણ મેળવવા માટે જોરદાર સ્પર્ધા ચાલી રહી છે.'ડૉ. મનિષકુમાર હુડાએ વધુમાં કહ્યું હતું કે, 'સેમિકંડક્ટરની ૨૦૩૫ સુધીમાં ભારત પોતાની જરુરિયાતના ૫૦% સેમિકંડક્ટરનું ઉત્પાદન કરતું હશે બીજી તરફ ૨૦૩૦ સુધીમાં વિશ્વની સેમિકંડક્ટરની માગ ૧૧૦ બિલિયનથી વધીને એક ટ્રિલિયન ડોલર સુધી પહોંચે તેવી શક્યતા છે. ભારત મેન્યુફેક્ચરિંગમાં ભલે પાછળ રહ્યું હોય પણ સેમિકંડક્ટરની ડિઝાઈન ૧૯૯૯થી બનાવી રહ્યું છે અને આ એક મહત્ત્વની પ્રક્રિયા છે. જેના દમ પર અને વિશાળ માર્કેટના આધારે, સરકારની નીતિઓના કારણે હવે આ ક્ષેત્રમાં વિદેશી કંપનીઓને ભારત રોકાણ માટે આકર્ષી રહ્યું છે.'એક સેમિકંડક્ટર એટલે કે એક ચિપ બનાવવામાં ૧૪૦ લિટર પાણીનો અને ૧.૫ કિલોવોટ વીજળીની જરુર પડે છે. તેના માટે સતત વીજ સપ્લાય પૂરો પાડવો પડે છે. સેમિકંડક્ટર ક્ષેત્રની આ જરુરિયાત પૂરી પાડવાની ક્ષમતા ભારત પાસે છે.

### પરમાણુ રિએક્ટરમાં ટેક્નોલોજીનું પરિવર્તન

# ભારતે રચ્યો ઇતિહાસ! ન્યુક્લિયર રિએક્ટરની ગરમીથી બનાવ્યો હાઇડ્રોજન

**કોપર-ક્લોરીન થર્મોકેમિકલ સાયકલ' પર આધારિત આ ટેક્નોલોજી કાર્બન-મુક્ત અને કાર્યક્ષમ છે, જે સ્વચ્છ ઊર્જાના ક્ષેત્રે ભારતને અગ્રેસર બનાવશે**

નવી દિલ્હી,તા.૩૦

ભારતે વૈશ્વિક સ્તરે પરમાણુ ઊર્જા ક્ષેત્રે એક નવો ઈતિહાસ રચી દીધો છે. દેશે દુનિયાના સૌપ્રથમ એવા હાઈડ્રોજન પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું છે, જે વીજળીના બદલે પરમાણુ રિએક્ટરની ઊર્જાનો ઉપયોગ કરીને હાઈડ્રોજનનું ઉત્પાદન કરે છે. તમિલનાડુના કલપક્કમમાં આવેલા 'ઈન્દિરા ગાંધી પરમાણુ અનુસંધાન કેન્દ્ર' ખાતે આ વિશ્વની પહેલી ન્યૂક્લિયર હાઈડ્રોજન ઉત્પાદન ફેસિલિટી શરૂ કરવામાં આવી છે. 'કોપર-ક્લોરીન થર્મોકેમિકલ સાયકલ' પર આધારિત આ ટેક્નોલોજી સંપૂર્ણપણે કાર્બન-મુક્ત અને અત્યંત કાર્યક્ષમ છે.

પરમાણુ ઊર્જા વિભાગના સચિવ અજીત કુમાર મોહંતીએ જણાવ્યું હતું કે, પરમાણુ ઊર્જામાં કાર્બન-મુક્ત વીજળીની સાથે-સાથે મોટા પાયે હાઈડ્રોજન ઉત્પાદન માટે જરૂરી ઉચ્ચ તાપમાન આપવાની અનોખી ક્ષમતા છે. એટમિક એનર્જી કમિશનના પૂર્વ ચેરમેન અને ન્યૂક્લિયર ફિઝિસિસ્ટ અનિલ કાકોદકરે ઉમેર્યું કે, વિશ્વમાં ક્લીન એનર્જી માટે હાઈડ્રોજન સૌથી મહત્ત્વનો સ્રોત બની રહ્યો છે, તેથી તેના ઉત્પાદનની આવી સસ્તી પદ્ધતિઓ ખૂબ જ જરૂરી છે.

ઐતિહાસિક ઉદ્ઘાટનઃ આ સુવિધાનું ઉદ્ઘાટન ૨૬ જૂનના રોજ ભારતના સૌથી જૂના કલપક્કમ સ્થિત 'ફાસ્ટ બ્રીડર ટેસ્ટ રિએક્ટર' (FBTR) ખાતે કરવામાં આવ્યું છે, જે ૧૯૫થી રિસર્ચ માટે કાર્યરત છે.

૫૦૦ મેગાવોટનું રિએક્ટરઃ આ પ્લાન્ટ એ જ કોમ્પ્લેક્સમાં છે જ્યાં 'પ્રોટોટાઈપ ફાસ્ટ બ્રીડર રિએક્ટર' (PFBR) આવેલું છે. આ ૫૦૦ મેગાવોટના કોમર્શિયલ રિએક્ટરે એપ્રિલ ૨૦૨૬માં જ પહેલીવાર સફળ સંચાલન હાંસલ કર્યું હતું.પાણીમાંથી હાઈડ્રોજનઃ સામાન્ય ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટની જેમ જ આ ટેક્નોલોજી પણ પાણી H2Oમાંથી હાઈડ્રોજન H2 અલગ કરે છે. પરંતુ તેમાં વીજળીના બદલે રિએક્ટરની વધારાની ગરમી અને કોપર-ક્લોરીનની કેમિકલ રિએક્શન ચેનનો ઉપયોગ થાય છે.

ડેમોન્સ્ટ્રેટર પ્રોજેક્ટઃ આ એક ટેક્નોલોજી ડેમોન્સ્ટ્રેટર પ્રોજેક્ટ છે, જે દુનિયાને બતાવશે કે વીજળી વગર પણ ન્યૂક્લિયર પ્રોસેસથી હાઈડ્રોજન બનાવી શકાય છે.પરમાણુ ઊર્જા વિભાગના જણાવ્યા અનુસાર, હાઈડ્રોજન બનાવવાની આ નવી સુવિધા ભારતના ત્રણ-ફેઝવાળા ન્યૂક્લિયર પ્રોગ્રામની એક મોટી સફળતા છે. ૧૯૫૦ના દાયકામાં ભારતમાં યુરેનિયમનો મર્યાદિત જથ્થો હોવાને કારણે મહાન વૈજ્ઞાનિક હોમી જહાંગીર ભાભાએ એક ખાસ યોજના બનાવી હતી, જેથી દેશમાં ભરપૂર માત્રામાં ઉપલબ્ધ 'થોરિયમ'નો ઉપયોગ કરી શકાય. તેના પ્રથમ તબક્કામાં 'પ્રેશરાઈઝ્ડ હેવી વોટર રિએક્ટર' બનાવવામાં આવ્યા હતા, જે તમિલનાડુના કુડનકુલમમાં કાર્યરત છે.પ્રોગ્રામના બીજા તબક્કામાં કલપક્કમના FBTR અને PFBR જેવા 'ફાસ્ટ બ્રીડર રિએક્ટર'નો સમાવેશ થાય છે. આ રિએક્ટર્સ એવા સિદ્ધાંત પર કામ કરે છે કે તેઓ જેટલું બળતણ વાપરે છે, તેના કરતાં વધુ બળતણનું ઉત્પાદન કરે છે. પરંપરાગત રિએક્ટરો બળતણ તરીકે યુરેનિયમ વાપરે છે, જ્યારે ફાસ્ટ બ્રીડર રિએક્ટરમાં પ્લુટોનિયમનો ઉપયોગ થાય છે.

ભારતના ફાસ્ટ બ્રીડર રિએક્ટર્સ અત્યારે પ્લુટોનિયમ પર ચાલે છે, પરંતુ ભવિષ્યમાં તેને થોરિયમ પર ચલાવી શકાય તે રીતે ડિઝાઈન કરવામાં આવ્યા છે. હાલમાં જે FBTR ખાતે આ સુવિધા શરૂ કરાઈ છે તે કોમર્શિયલ રિએક્ટર નથી પરંતુ ૪૦ મેગાવોટ થર્મલ ક્ષમતા ધરાવતું એક ટેસ્ટ બેડ છે, જે ભવિષ્યના પ્રોગ્રામ માટે પાયો તૈયાર કરે છે.

આ સફળ ડેમો પ્રોજેક્ટથી ભારતની ન્યૂક્લિયર અને હાઈડ્રોજન બંને સેક્ટરમાં ક્ષમતા સાબિત થઈ છે.

નિષ્ણાતોના મતે, આ પ્રક્રિયાથી બનતા હાઈડ્રોજનને ટેકનિકલ રીતે 'ગ્રીન હાઈડ્રોજન' ન ગણવામાં આવે તો પણ પર્યાવરણની દ્રષ્ટિએ તેના ફાયદા બિલકુલ ગ્રીન હાઈડ્રોજન જેવા જ છે. આગામી સમયમાં પ્રોટોટાઈપ ફાસ્ટ બ્રીડર રિએક્ટરમાં કોમર્શિયલ લેવલ પર ન્યૂક્લિયર હાઈડ્રોજન બનાવવાનો રસ્તો સાફ થશે.

# સાડા ત્રણ દાયકાની નિષ્ઠાસભર સેવાને સલામ, જિલ્લા માહિતી કચેરીના બે કર્મયોગીઓને ભાવભીની વિદાય



એવું કહેવાય છે કે, અંત નથી આરંભ છે વિદાય... સરકારી સેવામાં વર્ષો સુધી નિષ્ઠા, પ્રામાણિકતા અને કર્તવ્ય પરાયણતાથી ફરજ બજાવનાર કર્મચારીઓની વિદાય કોઈ એક વ્યકિતની નિવૃત્તિ નહીં, પરંતુ સંસ્થાની અમૂલ્ય કાર્યયાત્રાના એક યાદગાર અધ્યાયનું સમાપન હોય છે. આવી જ ભાવસભર ક્ષણ અમરેલી જિલ્લા માહિતી કચેરી ખાતે સર્જાઈ હતી, જયારે કચેરીના કર્મયોગી બી.ડી. પાથર અને એમ.વી. રાઠોડને જિલ્લા માહિતી કચેરી, અમરેલીના પરિવાર દ્વારા કચેરીના પ્રાંગણમાં કચેરી સમય બાદ વયનિવૃત્તિ નિમિત્તે લાગણીસભર વિદાય આપવામાં આવી. આ પ્રસંગે નાયબ માહિતી નિયામક પ્રિયંકા પરમારે બંને કર્મયોગીઓને શ્રી ફળ અને શાલ ઓઢાડીને તેમની દીર્ઘ અને નિષ્ઠાપૂર્વકની સરકારી સેવાને બિરદાવી હતી. તેમણે જણાવ્યું કે, સરકારી સેવામાં કર્મનિષ્ઠા, સમયપાલન અને જવાબદારીની ભાવનાથી કરાયેલું કાર્ય હંમેશા પ્રેરણારૂપ બની રહે છે. બી.ડી. પાથરે માહિતી વિભાગમાં ૩૫ વર્ષ અને એમ.વી. રાઠોડે ૩૩ વર્ષ સુધી વિવિધ જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવી માહિતી વિભાગની કામગીરીને ગતિ અને ગુણવત્તા આપવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમની કાર્યશૈલી, સહકારની ભાવના અને અનુભવથી અનેક સહકર્મીઓએ માર્ગદર્શન મેળવ્યું હતું. જિલ્લા માહિતી કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓએ બંને વયનિવૃત્ત કર્મયોગીઓ સાથે જોડાયેલી સંસ્મરણો વહેંચી તેમના કાર્યજીવનને યાદગાર ગણાવ્યું હતું. સૌએ તેમના સ્વસ્થ, સુખમય અને આનંદમય નિવૃત્ત જીવન માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમ દરમિયાન લાગણીઅને કૃતજ્ઞતાનું અનોખું વાતાવરણ સર્જાયું હતું. વર્ષો સુધી એક પરિવારની જેમ સાથે કાર્ય કરનાર સહકર્મીઓ માટે આ વિદાયની ક્ષણ ભાવવિભોર બનાવનારી બની હતી. સેવા પૂર્ણ થઈ છે, પરંતુ તેમની કર્મનિષ્ઠા, સાદગી અને કાર્યપ્રત્યેનું સમર્પણ જિલ્લા માહિતી કચેરી માટે હંમેશા પ્રેરણાસ્ત્રોત બની રહેશે. આ પ્રસંગે માહિતી પરિવાર વતી એમ.એમ. ધડૂક, ધર્મેશ વાળા, જય મિશ્રા, જાગૃત્તિ પીઠવા, દિક્ષિત પંડયા, માનસી ભટ્ટ, ચિરાગ માલનિયા, મયૂર ગોસાઈ, વિશાલ ગોસ્વામી, શિંગાળાએ લાગણી સભર વિદાય આપી હતી. જયારે જૂનાગઢ ખાતે ફરજ બજાવતા અને મૂળ માહિતી પરિવાર અમરેલીના રોહિત ઉસદડે સ્નેહસભર લાગણી વ્યકત કરી હતી.

પાના ૧ ઉપરનું ચાલું
## અપમૃત્યુનાં 3 બનાવો

બરાબર ચાલતી ના હોય અને તેઓને નશો કરવાની પણ આદત હોય જેથી આર્થિક સંકળામણને કારણે ગત તા. ૨૯ના રોજ સાંજે ૬ વાગ્યા પહેલા કોઈપણ સમયે વડીયા ગામે સદગુરૂનગરમાં પોતાના રહેણાક મકાને કોઈ કારણોસર તેમનું મોત નીપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

બીજા બનાવમાં બાબરા તાલુકાના કરીયાણા ગામે રહેતી કિંજલબેન ડો/ઓ ભરતભાઈ મેરામભાઈ વાઘેલા તથા વા/ઓ સંદિપભાઈ મનસુખભાઈ ઘોડા નામની ૨૨ વર્ષીય પરિણીતાએ ગત તા.૨૫ના રોજ ૪ વાગ્યે કરીયાણા ગામે કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે ઝેરી દવા પી જતા રાજકોટ હોસ્પીટલ ખાતે ખસેડાયેલ જયાં તેણીનું સારવાર દરમ્યાન મોત નીપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

ત્રીજા બનાવમાં રાજુલા ગામે રહેતા મહેશભાઈ તેજાભાઈ ચાવડાનું ગત તા.૨૮ ના રોજ રાત્રે ૧૦:૩૦ વાગ્યે ટ્રકનુ ટાયર ગટરમા ફસાઈ જતા પોતે ટ્રકના ટાયરને જેક લગાવતા હતા તે દરમિયાન જેક અચાનક છટકી જવાથી પોતે ટ્રકની નીચે દબાઈ જતા માથાના ભાગે ગંભીર ઈજા થવાથી તેમનું સારવાર દરમ્યાન મોત નીપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૨૬૦ | ૧૩૧૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૩૫ | ૪૭૫ |
| ૩ | ચણા | ૯૧૦ | ૧૦૬૫ |
| ૪ | તુવેર | ૧૧૬૦ | ૧૪૧૦ |
| ૫ | ધાણા | ૨૪૨૦ | ૨૭૧૦ |
| ૬ | મગ | ૧૪૫૦ | ૧૫૯૦ |
| ૭ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૪૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૨૦ | ૧૮૦૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૧૬ | ૧૬૧૦ |
| ૩ | મગફળી | ૧૨૧૦ | ૧૩૫૦ |
| ૪ | તલ સફેદ | ૧૪૩૦ | ૨૪૦૦ |
| ૫ | તલ કાળા | ૩૦૯૦ | ૩૪૨૦ |
| ૬ | જીરૂ | ૩૦૧૦ | ૩૯૫૦ |
| ૭ | ચણા | ૧૧૨૦ | ૧૧૫૦ |
| ૮ | ઘઉં | ૪૭૦ | ૫૧૦ |
| ૯ | મગ | ૧૪૧૦ | ૧૫૪૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૩૧૦ | ૧૩૧૦ |
| ૨ | શિંગ મોટી | ૯૦૦ | ૧૩૩૦ |
| ૩ | શિંગદાણા | ૧૪૦૦ | ૧૯૦૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૨૦૦ | ૧૭૭૦ |
| ૫ | તલ સફેદ | ૧૨૫૦ | ૨૭૦૫ |
| ૬ | તલ કાળા | ૨૨૦૦ | ૩૯૫૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૨૭૦ | ૨૪૧૫ |
| ૮ | બાજરો | ૩૪૦ | ૪૦૦ |
| ૯ | જુવાર | ૪૪૦ | ૧૦૯૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૫૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૩૫ | ૫૨૫ |
| ૧૨ | મકાઈ | ૪૩૦ | ૪૩૦ |
| ૧૩ | મગ | ૧૦૪૦ | ૧૬૧૫ |
| ૧૪ | અડદ | ૧૧૪૦ | ૧૧૮૦ |
| ૧૫ | ચણા | ૮૫૫ | ૧૧૫૦ |
| ૧૬ | સફેદ ચણા | ૧૦૦૫ | ૧૧૬૫ |
| ૧૭ | તુવેર | ૮૧૦ | ૧૪૩૦ |
| ૧૮ | કપાસ | ૯૯૦ | ૧૯૪૦ |
| ૧૯ | એરંડા | ૧૦૦૦ | ૧૩૭૫ |
| ૨૦ | જીરૂ | ૨૦૦૦ | ૪૧૫૦ |
| ૨૧ | ધાણા | ૨૪૫૦ | ૨૯૦૫ |
| ૨૨ | ધાણી | ૨૩૭૦ | ૨૯૨૦ |
| ૨૩ | મેથી | ૧૦૫૦ | ૧૩૪૦ |
| ૨૪ | સોયાબીન | ૧૧૬૦ | ૧૫૪૦ |
| ૨૫ | રનકાનું બી | ૩૫૭૫ | ૯૧૫૦ |
| ૨૬ | કલોંજી | ૨૫૮૦ | ૨૫૮૦ |
| ૨૭ | અળસી | ૧૦૦૦ | ૧૬૭૫ |

## બાબરા : અમરાપરા પે સેન્ટર શાળામાં પોલિયો રસીકરણ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબર, તા. ૩૦

બાબરા તાલુકાના અમરાપરા પે સેન્ટર શાળા ખાતે રાષ્ટ્રીય પોલિયો રસીકરણ અભિયાન અંતર્ગત પોલિયો રસીકરણ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ૦ થી ૫ વર્ષના બાળકોને પોલિયોથી સુરક્ષા મળે તે હેતુસર પોલિયોની રસી પીવડાવવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં અમરાપરા ગ્રામ પંચાયતના સભ્ય સુરેશભાઈ ધાખડા,આરોગ્યઅધિકારી નિલેશભાઈ ગોલ તેમજ આશા વર્કર સોનલબેન બગથળીયા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વાલીઓને પોતાના બાળકોને સમયસર પોલિયોની રસી અપાવવાની અપીલ કરી હતી અને પોલિયો મુક્ત સમાજના નિર્માણમાં સૌએ સહભાગી બનવા અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમ દરમિયાન આરોગ્ય વિભાગની ટીમ દ્વારા રસીકરણની કામગીરી સુચારૂ રીતે પૂર્ણ કરવામાં આવી હતી. ઉપસ્થિત આગેવાનોએ જણાવ્યું હતું કે, બાળકના સ્વસ્થ અને સુરક્ષિત ભવિષ્ય માટે નિયમિત રસીકરણ અત્યંત જરૂરી છે અને દરેક બાળક સુધી પોલિયોની રસી પહોંચે તે માટે સરકાર સતત પ્રયાસશીલ છે.

આ કાર્યક્રમમાં સ્થાનિક ગ્રામજનો, વાલીઓ તેમજ આરોગ્ય વિભાગના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક સહભાગી બની પોલિયો નાબૂદીના સંકલ્પને વધુ મજબૂત બનાવ્યો હતો.

પાના ૧ ઉપરનું ચાલું
## સાવરકુંડલા પંથક ઉપર મેઘરાજા

પરથી પસાર થતા રાહદારીઓ પણ આ પ્રથમ વરસાદમાં ભીંજાઈને હરખાતા જોવા મળ્યા હતા. અનેક લોકોએ પોતાના મોટર સાયકલ, સ્કૂટર અને સાયકલ પર સવાર થઈને વરસાદી મૌસમની મનભરીને મોજ માણી હતી. પ્રકૃતિની સાથે પશુ–પક્ષીઓમાં પણ એક નવો જ ઉત્સાહ જોવા મળ્યો હતો.

બરાબર શાળા છૂટવાના સમયે જ વરસાદનું આગમન થતાં અફરાતફરી જેવો માહોલ સર્જાયો હતો. બાળકોને લેવા માટે વાલીઓ તાબડતોબ છત્રી અને રેઈનકોટ લઈને શાળાએ પહોંચતા જોવા મળ્યા હતા. અચાનક આવેલા વરસાદને કારણે શાળાના બાળકો ભારે રોમાંચિત થઈ ગયા હતા.

આ વરસાદને પગલે જગતના તાત ગણાતા ખેડૂતોમાં પણ ભારે હર્ષની લાગણી ફેલાઈ ગઈ છે. જો કે, હવામાન નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર, આ હજુ સત્તાવાર ચોમાસાની શરૂઆત નથી. ચાલુ વર્ષે અલ–નીનોની અસર થવાની પૂરેપૂરી શકયતા સેવાઈ રહી છે. આથી, ખેડૂત ભાઈઓએ ઉતાવળ કરી વાવણી કરવાથી બચવું જોઈએ અને પૂરતો ભેજ સાયન્ટિફિક રીતે જમીનમાં ઉતરે તેની રાહ જોવી જોઈએ. સાવચેતીના પગલારૂપે તમામ ખેડૂતોને હવામાન વિભાગ દ્વારા સમયાંતરે પ્રસારિત થતી સત્તાવાર સૂચનાઓ અને બુલેટિનને ગંભીરતાથી દ્યાનમાં લઈને જ આગળનું આયોજન કરવા અનુરોધ કરાયો છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૫૦ | ૧૪૧૬ |
| ૨ | શીંગ દાણા | ૧૬૦૦ | ૧૯૫૬ |
| ૩ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૫૬૦ |
| ૪ | તલ કાળા | ૩૦૦૦ | ૩૭૫૦ |
| ૫ | કપાસ | ૧૭૬૦ | ૧૯૧૧ |
| ૬ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૧૦ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૫૧૦ |
| ૯ | જુવાર | ૮૦૦ | ૧૦૬૦ |
| ૧૦ | મગ | ૧૫૦૦ | ૧૬૪૦ |
| ૧૧ | અડદ | ૧૪૦૦ | ૧૬૭૦ |
| ૧૨ | ચણા | ૧૧૦૦ | ૧૧૪૫ |
| ૧૩ | તુવેર | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ૧૪ | એરંડી | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ૧૫ | મેથી | ૧૨૦૦ | ૧૨૫૦ |

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલી તાલુકા પંચાયતમાં

નબળા વર્ગ (EWS)ના પ્રમાણપત્રો જારી કરવામાં આવ્યા હોવાના ગંભીર આક્ષેપ સાથે તાલુકા વિકાસ અધિકારીને ભાજપના ચૂંટાયેલા સદસ્યા ભાવનાબેન સુખડીયા દ્વારા લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.

આ રજુઆતમાં જણાવ્યા મુજબ, તા. ૬ ઓકટોબર, ૨૨ નાં રોજ આપવામાં આવેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ તેમજ EWS સહિત કુલ પાંચ પ્રમાણપત્રોની નકલો ટપાલ મારફતે મોકલવામાં આવેલ હતી. ત્યારબાદ તાલુકા પંચાયત કચેરીમાં વર્ષ ૨૦૨૨નું સંબંધિત રજીસ્ટર તપાસતા આ પ્રમાણપત્રોની કોઈ નોંધ જોવા મળી ન હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

રજુઆતકર્તા સદસ્યાના જણાવ્યા અનુસાર, તાલુકા વિકાસ અધિકારીની સત્તાવાર નોંધણી પ્રક્રિયા વિના જ કોઈ અજાણ્યા વ્યકિત દ્વારા કથિત રીતે ખોટી સહી અને સિક્કાનો ઉપયોગ કરીને આ પ્રમાણપત્રો જારી કરવામાં આવ્યા હોવાની શંકા વ્યકત કરવામાં આવી છે.

આ રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે, આવા પ્રમાણપત્રોના આધારે અભ્યાસ કે નોકરી મેળવેલા વિદ્યાર્થીઓને ભવિષ્યમાં દસ્તાવેજોની ખરાઈ દરમિયાન મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે, જેના કારણે તેમનું ભવિષ્ય જોખમમાં મુકાઈ શકે છે.

આથી સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ કરી વર્ષ ૨૦૨૨ દરમિયાન જારી થયેલા આવા અન્ય પ્રમાણપત્રોની પણ ચકાસણી કરવામાં આવે તેમજ જો ગેરરીતિ સામે આવે તો જવાબદાર અધિકારીઓ કે કર્મચારીઓ સામે કાયદેસરની અને પોલીસ ફરિયાદ સહિતની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ તાલુકા વિકાસ અધિકારી સમક્ષ કરવામાં આવી છે.

હવે આ ગંભીર રજૂઆત બાદ અમરેલી તાલુકા પંચાયત તંત્ર દ્વારા શું તપાસ હાથ ધરવામાં આવે છે અને સમગ્ર મામલામાં શું હકીકત બહાર આવે છે તેના પર સૌની નજર મંડાઈ છે.


### જાહેર નોટિસ

**મોજે/વોર્ડ – વડિયા, સીટ નં. ૧૦, સી.સ.નં. ૭૨૧, ચો.મી. ૫૭૭.૭૬ (જી.અમરેલી), સુરગપરા, "વૈદ નિવાસ"**

અમો **ચંદ્રેશ આર. રોશનીયા (એડવોકેટ)** આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

ઉપરોકત વિગતે જુનવાણી મકાન હાલમાં હસમુખભાઈ રતિલાલ વૈદ વિ.ના સંયુકત નામે આવેલ છે. આ મકાન તેમની સંપૂર્ણ માલીકીનું, બીનબોજા, બીન તકરારી તથા ન દાવા વાળું, હોવાનું જણાવી અમારા અસીલ ને વેંચાણ આપવાનું નક્કી કરેલ છે, આ મકાન વડિયા ગામે પોલીસ સ્ટેશનની પાસે, ગર્વમેન્ટ હોસ્પિટલ સામે આવેલ છે. આ મકાન મુળ શા. મુળચંદ સુંદરજી વૈદ (કુંકાવાવ વાળા) "વૈદનિવાસ" થી ઓળખાય છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ, હોય કે અન્ય હક્ક જેમ કે ઉપજ–નીપજ/કબજો ભોગવટો/બાનાખત/ભાડુઆત કે રહેણાંકનો કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હક્ક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ તેમની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન – ૧૦માં દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટ/કુરીયર/વોટસએપ થી નીચેના સરનામે /નંબર ઉપર કરવી, જો તેમ કરવામાં નહી આવે તો સદર મકાના કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈજ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (WAIVE) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૦૧/૦૭/૨૦૨૬**

**તે અમારા અસીલની સુચનાથી**

**ઠે. મેઈન બજાર, પુલ પાસે, મુ. વડિયા, (જી. અમરેલી) મો.૯૯૨૫૩ ૦૪૪૪૯**

**ચંદ્રેશ આર.રોશનીયા**
(એડવોકેટ)


## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૭૫૦ |
| ૨ | મગફળી | ૧૦૯૦ | ૧૦૯૦ |
| ૩ | ઘઉં લોકવન | ૪૩૮ | ૪૯૦ |
| ૪ | જુવાર | ૮૦૦ | ૧૦૦૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૪૯૧ |
| ૬ | તુવેર | ૧૧૦૦ | ૧૨૬૦ |
| ૭ | ચણા | ૯૦૦ | ૧૧૦૧ |
| ૮ | બાજરો | ૪૨૫ | ૪૨૫ |
| ૯ | ધાણા | ૧૮૦૦ | ૨૭૮૦ |
| ૧૦ | ચણા સફેદ | ૯૫૦ | ૯૫૦ |
| ૧૧ | શીંગદાણા | ૧૬૦૦ | ૧૮૫૦ |
| ૧૨ | સોયાબીન | ૧૧૩૦ | ૧૪૦૦ |
| ૧૩ | તલ સફેદ | ૧૭૦૫ | ૨૫૭૦ |
| ૧૪ | એરંડી | ૧૧૧૦ | ૧૧૧૦ |
| ૧૫ | લસણ | ૧૦૧૦ | ૧૩૨૫ |
| ૧૬ | મકાઈ | ૪૪૦ | ૪૪૦ |
| ૧૭ | તલ કાળા | ૨૭૦૦ | ૨૭૦૦ |
| ૧૮ | શીંગફાડા | ૧૫૧૫ | ૧૫૧૫ |

## અમરેલીનાં બ્રાહ્મણ સોસાયટીમાં વડ સાવિત્રીનુ પૂજન કરતી પરિણીતાઓ



અમરેલી, તા. ૩૦

વડ સાવિત્રી વ્રતનું પ્રારંભ થતાં બ્રાહ્મણ સોસાયટીના ગોપાલ નગરના બહેનોએ ભેગા થઈ અને વડલાનું પૂજન કરતા નજરે પડે છે વ્રત માટે સૌરાષ્ટ્રની બહેનો સૌભાગ્યવંતી બનવા માટે આ વ્રત કરતા હોય છે.


**અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના શેખપીપરીયા ગામના રેવન્યુ સર્વે નંબર ૩૫૨ પૈકી ૪ ની જમીન હે.–૧, આરે.–૫૩, ચો.મી.–૭૮, વાળી ખેતીની જમીન ખરીદ કરવા અંગે**

### જાહેર નોટિસ

ગુજરાત રાજયના રજી. ડીસ્ટ્રીકટ અમરેલીના સબ– ડીસ્ટ્રીકટ લાઠી ના શેખપીપરીયા ગામના ખાતા નં.૧૦૨૭ જેના રેવન્યુ સર્વે નંબર ૩૫૨ પૈકી ૪ ની જરાયત પ્રકારની ખેતીની ખેડવાણ જમીન હે.–૧, આરે.–૫૩, ચો.મી.–૭૮ વાળી જમીન **શેલડીયા પ્રવિણભાઈ બાબુભાઈ** ની સ્વતંત્ર માલીકી, કબ્જા–ભોગવટાની આવેલ હોય તેનો વેચાણ, વ્યવહાર, વહીવટ વિગેરે કરવાનો તેમને સંપૂર્ણ હકક, સતા અને અધિકાર હોય તે અધિકારીની રૂઈએ સદરહું ખેતીની ખેડવાણ જમીન **(૧) અરવિંદભાઈ વાલજીભાઈ લાંભીયા (૨) રામભાઈ તુલસીભાઈ માકડીયા (૩) જયેશભાઈ ગાંડાલાલ ઘેટીયા** રહે. બાબરા વાળા અમારા અસીલે સુથીની રકમ ચૂકવી ખરીદ કરવા નક્કી કરેલ છે.

સબબ ઉપરોકત વર્ણન વાળી મિલ્કત સંબંધે કે તેના વેચાણ સંબંધે કોઈપણ વ્યકિત, પેઢી, મંડળી કે, એસાઈનીઓ કે, વારસદારો વિગેરેનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, વારસાઈ હક્ક, ભરણપોષણનો હક્ક, હાલવા–ચાલવાનો હક્ક, લેણું, બોજો, ગીરો, લીયન, કે કોઈપણ જાતની જવાબદારી કે હક્ક, અધિકાર, કોઈનો દર–દાવો, કબ્જા હક્ક કે કોઈપણ અન્ય સાટાખત કે મુખત્યારનામાંના હક્કો, જો હોય તો આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિવસ–૧૦ (દસ) માં લેખીત આધાર – પુરાવા સાથે નીચેનાં સરનામે જાણ કરવી. મુદ્દત વિત્યે આ મિલ્કત પરત્વે કોઈના કોઈપણ જાતના હક્ક, હિત, હિસ્સો, કે વાંધા–તકરાર નથી અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે તેમ માની અમારા અસીલ સદરહું મિલ્કત ખરીદવા અંગેની આગળની કાર્યવાહી પુરી કરશે. અને ત્યારબાદ કોઈના કોઈપણ જાતના વાંધા કે તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની જાહેર જનતા તથા લાગતા–વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

**સ્થળ : બાબરા, તા. ૩૦/૦૬/૨૦૨૬**

મુ.બાબરા, ઠે.ઓફીસ નં.૧૪, ગ્રાઉન્ડ ફલોર, નાગનાથ કોમ્પ્લેક્ષ, તા. બાબરા, જિ. અમરેલી પીન નં.–૩૬૫૪૨૧,
**મો.નં.૯૪૨૭૦ ૬૩૧૧૪/૬૩૫૩૨ ૨૯૧૩૮**

**અમારા મારફત એડવોકેટ**
**જગદીશ બી. કારેટીયા**
**પારસકુમાર જે. કારેટીયા**
**(ગુજરાત હાઈકોર્ટ)**


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૯૦ | ૧૨૨૫ |
| ૨ | તલ સફેદ | ૧૯૫૧ | ૨૫૨૫ |
| ૩ | તલ કાળા | ૨૫૩૭ | ૨૫૩૭ |
| ૪ | કપાસ | ૧૨૮૧ | ૧૭૯૦ |
| ૫ | બાજરો | ૪૦૧ | ૫૧૯ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૪૯૨ |
| ૭ | જુવાર | ૫૭૫ | ૧૧૮૦ |
| ૮ | મકાઈ | ૪૪૧ | ૪૪૧ |
| ૯ | મગ | ૧૬૪૦ | ૧૬૪૦ |
| ૧૦ | અડદ | ૧૬૦૦ | ૧૭૪૦ |
| ૧૧ | તુવેર | ૭૦૭ | ૭૦૭ |
| ૧૨ | ચણા | ૧૦૭૧ | ૧૧૧૧ |
| ૧૩ | એરંડી | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૧૪ | ચોળી | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૧૫ | રાય | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૬ | અજમા | ૧૬૦૧ | ૧૬૦૧ |

### બાર એસોસીયેશનના પ્રમુખ પાઠકનાં આર્શીવાદ સાથે

# લીલીયા મોટા : વકીલનાં વ્યવસાયનાં શ્રી ગણેશ કરતાં એડવોકેટ વ્રજનીબેન ભાલાળા

## કોર્ટનાં રજીસ્ટ્રાર તથા સ્ટાફ પરિવારે શુભેચ્છા પાઠવી

અમરેલી, તા. ૩૦

લીલીયા મોટાના રહીશ દ્વારકેશ બિલ્ડીંગ મટીરીયલ્સના અગ્રણી વેપારી ધર્મેશભાઈ ભાલાળાની પુત્રી વ્રજનીબેન ભાલાળાએ બીકોમ એલ.એલ.બીનો અભ્યાસ પુર્ણ કરી ઓલ ઈન્ડીયા બાર કાઉન્સીલ -૨૦ની પરીક્ષા પ્રથમ પ્રયાસે પાસ કરતા ગુજરાત બાર કાઉન્સીલે વકીલાત કરવા માટે સર્ટીફીકેટ ઓફ પ્રેકટીસ ઈસ્યુ કરી વકીલાતની સનદ આપેલ છે તે અનુસંધાને આજરોજ લીલીયા તથા અમરેલી જિલ્લા



અદાલત અને તાબાની કોર્ટમા પ્રેકટીસ કરવા માટે એડવોકેટ વ્રજનીબેન ભાલાળ

ાએ તેમની સનદની નોંધણી લીલીયાના પ્રિન્સીપાલ સિવીલ જજ અને જયુડી. મેજી. સમક્ષ નોધણી કરાવેલ નામદાર સાહેબે અભિનંદન આપેલ અને લીલીયા બારના પ્રમુખ કિશોર પાઠક સેક્રેટરી ભડકોલીયા તથા ઉપપ્રમુખ જિતેન્દ્ર પઠક તથા મનોજ દવે નરેશ હેલૈયા તથા સંજય બગડા વિગરે વકીલઓ લીલીયા બારમાં આવકારી આશિર્વાદ સાથે અભિનંદન આપેલછે. ત્યારબાદ કોર્ટના રજીસ્ટ્રાર તથા સ્ટાફઓએ પણ અભિનંદન આપી આવકારેલ છે.

### સ્થાનિકોએ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યુ

# ખાંભાના ભગવતીપરા નજીક આવેલ નોનવેજની હોટેલ બંધ કરવાની માંગ

## જનઆરોગ્ય અને સ્વચ્છતા સામે પ્રશ્ન ઉભો થયો

અમરેલી, તા. ૩૦

ખાંભા શહેરના ભગવતીપર વિસ્તારમાં એક રહેણાંક વિસ્તારમાં ચાલતી નોનવેજ હોટલ બંધ કરવાની માંગ સાથે સ્થાનિક રહીશો દ્વારા ખાંભા મામલતદારને એક આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

સ્થાનિક રહીશો રેલી સ્વરૂપે ખાંભા મામલતદાર કચેરીએ પહોંચ્યા હતા. અને રહેણાંક વિસ્તારમાં ચાલતી નોનવેજ દુકાન સામે ઉગ્ર રજૂઆત કરી હતી. સ્થાનિકોનો આક્ષેપ છે કે, ઘર નજીક નોનવેજ દુકાન ચાલતી હોવાના કારણે આરોગ્ય અને સ્વચ્છતાને લઈને સમસ્યાઓ ઉભી થઈ રહી છે.

સ્થાનિક રહીશો દ્વારા જણાવાયું હતું કે આ મુદ્દે અગાઉ પણ



અહેવાલ : રાજુભાઈ વાળા -ખાંભા

ધારાસભ્ય સહિત સંબંધિત તંત્રને લેખિત રજૂઆતો કરવામાં આવી હતી, છતાં કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિકોએ ખાંભા મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત કરી હતી તેમજ આગામી દિવસોમાં જો તંત્ર દ્વારા નોનવેજ દુકાન બંધ કરવા અંગે યોગ્ય પગલાં નહીં લેવામાં આવે તો રસ્તા રોકો આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

### ગાંધીનાં ગુજરાતમાં જથ્થાબંધ પ્રમાણમાં દારૂની હેરાફેરી

# લાઠી પોલીસે ટ્રક ભરીને લઈ જવાતો વિદેશી દારૂનો જથ્થો ઝડપી લીધો

## કુલ રૂપિયા ૨૬.૩૪ લાખનો મુદ્દામાલ કબ્જે



અમરેલી, તા. ૩૦

લાઠી પોલીસે આજે ટ્રકમાં લઈ જવાતી વિદેશી દારૂની બોટલ મોટી સંખ્યામાં ઝડપી લઈને એક આરોપીની અટકાયત કરી છે.

વિગત એવા પ્રકારની છે કે લાઠી રોડ વચ્ચે બાતમીનાં આધારે સ્થાનિક પોલીસે ચેકીંગ કરીને રૂપિયા ૧૯.૨૪ની કિંમતની વિદેશી દારૂની બોટલ અને ટ્રક મળી કુલ રૂપિયા ૨૬ લાખ ૩૪ હજારનાં મુદ્દામાલ સાથે આશિફ ખોખર નામના આરોપીની અટકાયત કરેલ છે.

# ખાંભા સામુહિક આરોગ્ય કેન્દ્ર ફરજ બજાવતા ડો.પુનિત મહેતાની બદલી થતાં વિદાય સમારંભ યોજાયો

ખાંભા, તા.૩૦

ખાંભા સમુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે છેલ્લા ત્રણ વર્ષથી ફરજ નિભાવતા ડોકટર પૂનીત મહેતાની આણંદ ખાતે બદલી થતા વિદાય સમારંભ કાર્યક્રમ યોજાયો હતો તેમાં છેલ્લા ત્રણ વર્ષથી ખાંભા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં નિષ્ઠાવાન અને ઘટી સુવિધાનો અનેકવાર રજૂઆત કરી પૂરી પાડી છે અને દર્દી નારાયણને સારી એવી સેવા આપતા હતા અને દર્દી નારાયણ વધારેમાં વધારે ખાંભા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સાજા થયને જાય એવી ભાવના સાથે ડો પુનિત મહેતાએ પોતાની ફરજ બજાવી છે અને બદલી થતાં ખાંભા દર્દીઓમાં અને સ્થાનિક આગેવાનોમાં હૈયે જેનું નામ રે એવા ડોકટર પુનિત મહેતા સમગ્ર કાર્યક્રમનું આયોજન ગ્રીન ગ્રુપ એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ અને વાટલીયા પ્રજાપતિ સમાજના આગેવાનો દ્વારા કરવામાં આવ્યું હતું



અહેવાલ : રાજુભાઈ વાળા -ખાંભા

આ તકે ખાંભાના પૂર્વ સરપંચ અમરીશભાઈ જોશી વાટલીયા પ્રજાપતિ સમાજ ખાંભા વિભાગના પ્રમુખ હસમુખભાઈ પીપલીયા રમેશભાઈ કલસરિયા, પ્રવીણભાઈ બાબરીયા તેમજ ગ્રીન ગ્રુપ એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના સભ્યો તેમ જ વાટલીયા પ્રજાપતિ સમાજના આગેવાનો સહિત ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી ખાતે નિવૃત્ત આર્મીમેનની બેઠક યોજાઈ



અમરેલી, તા.૩૦

અમરેલીના જેર્શીગપરા ખાતે નિવૃત આર્મીમેન તેમજ વીરાંગના નારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા ૧૫૦ થી પણ વધારે લોકો આ કર્યક્રમમાં આવ્યા હતા તેમજ આ કાર્યક્રમમા મુખ્ય કર્નલ અમિત શાહ સેના મેડલ વિજેતા દ્વારા મુખ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નિવૃત આર્મીમેન દ્વારા અનેક નાની મોટી રજુઆત કરવામાં આવી હતી જેમાં ફૌજીના ડોકયુમેન્ટમા રાહત મળે અને ઓફિસમા સરળ તાથી કામ થાય તેમજ અમરેલી સિવિલ હોસ્પિટલમા સીટીસ્કેન અને એમ આર આઈ મા ૫૦ ટકાની રાહત આપવામાં આવે તેમજ નગરપાલિકા દ્વારા વેરો પણ નિવૃત ફૌજીનો માફ કરવામાં આવે આ તકે તેઓએ ફૌજીને પડતી સમશ્યાને લગતી વાત ભરત કાતરીયા દ્વારા કરવામાં આવી હતી પ્રમુખ તરૂણભાઈ શુકલ, હિતેશ ભાઈ મોઢ, જાદવભાઈ,મહિપતસિંહ ચુડાસમા સહિતના લોકો જોડાયા હતા. તેમ ભરત કાતરીયાની યાદી જણાવે છે.


હાર્દિક અભિનંદન



શ્રી કિરીટભાઈ બગડા
ચેરમેનશ્રી સામાજીક ન્યાય સમિતિ તાલુકા પંચાયત

મારા પરમ મિત્ર શ્રી કિરીટભાઈ બગડા, તાલુકા પંચાયતમાં સામાજીક ન્યાય સમિતિના નવનિયુકત ચેરમેન બનતા તેઓને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છાઓ...

શુભેચ્છક : શ્રી કરીમભાઈ કોટડીયા
કોષાધ્યક્ષ : શહેર ભાજપ-બાબરા
મુ. બાબરા, જી. અમરેલી

રાષ્ટ્રીય ડોકટર્સ દિવસ નિમિતે... શુભેચ્છાઓ...

નેત્ર રોગના નિદાન અભિપ્રાય તથા માર્ગદર્શન માટે ફોન : ૦૨૭૯૨ ૨૨૩૪૧૫ નંબર પર સમય માટે ફોન કરવા વિનંતી.
સમય : ૧૦ થી ૧૨:૩૦ તથા ૫:૦૦ થી ૭:૦૦

NATIONAL DOCTORS' Day

: શુભેચ્છક :
ડો.એચ.સી. ગાંધી
M.S.(OPHTH)
D.O.M.S.

આંખો ની સુરક્ષા માટે કટિબધ્ધ ૧૯૮૧ થી.....
દર્શન આંખની હોસ્પિટલ
પહેલો માળ,સારથી કોમ્પ્લેક્ષ,હીરા બજાર સામે, લીલીયા રોડ, અમરેલી.

ડોકટર્સ-ડે નિમિત્તે શુભેચ્છાઓ.....

NATIONAL DOCTORS' Day

Happy Doctor's Day
ડો. ચેતન બનજારા
(D.H.M.S.)
MO. 94262 76763
હરસ-મસા, ભગદરની સચોટ સારવાર

ગણેશ કોમ્પલેક્ષ, પહેલો માળ, અક્ષર રેસ્ટોરન્ટ સામે, માણેકપરા કોર્નર, સ્ટેશન રોડ, અમરેલી-૩૬૫૬૦૧

ડોકટર્સ-ડે નિમિત્તે શુભેચ્છાઓ.....

HAPPY DOCTOR'S DAY

નિયમીત મળશે.
ડૉ. કૃતિકા હિતેષ શાહ
M.B.B.S. DLO

ઉપલબ્ધ સારવાર

કાનમાંથી નીકળતી રસી, કુગ મેલ માટે નિદાન અને સારવાર, કાનના પડદાના કાણા-સડાનું આધુનિક સાધનો દ્વારા નિદાન અને ઓપરેશન, એલર્જી, ચક્કર, સાયનસનું નિદાન અને સારવાર, સ્વરપેટી ના મસા, ચાંદીનું નિદાન અને સારવાર, એન્ડોસ્કોપીક સર્જરી, માઈક્રોઈયર સર્જરી, થાઈરોઈડ, લાળગ્રંથીના ઓપરેશન, Co2 લેસર સર્જરી, કાનની બુટનું ઓપરેશન

શ્રવણ
કાન, નાક, ગળાની લેસર હોસ્પિટલ

સમય
સવારે : ૧૦ થી ૧
સાંજે : ૫ થી ૭:૩૦

ભીડભંજન મંદિર પાસે, લીલીયા રોડ, અમરેલી


### તાલુકા પંચાયતનાં પ્રમુખની રજુઆત

# લીલીયા મોટા પંથકમાં વસવાટ કરતાં સિંહોનું જંગલ વિસ્તારમાં સ્થળાંતર કરો

## સિંહોના વસવાટથી ખેતીકાર્ય કરવુ પણ મુશ્કેલ

અમરેલી, તા. ૩૦

લીલીયા મોટા પંચાયતનાં પ્રમુખ જગદીશભાઈ દેથળીયાએ વનમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, હાલમાં વન્ય પ્રાણી સિંહ અને દીપડા લીલીયા તાલુકાના રેવન્યુ વિસ્તારમાં ખુબ મોટા પ્રમાણમાં વસવાટ કરે છે જેમાં હાલમાં માણસો પર હુમલા થઈ ચુકયા છે જેથી ખેત મજુરો વિસ્તાર મુકીને દુર જઈ રહ્યા છે જેથી હાલમાં ખેત મજુરો ખેડુતોને મળી રહયા નથી અને અમારા વિસ્તારમાં ભયનો માહોલ ઉભો થયો છે જેથી રેવન્યુ વિસ્તારમાંથી વસવાટ કરતા સિંહ અને દીપડાને ફોરેસ્ટની જગ્યામાં લઈ જવા અંતમાં માંગ કરેલ છે.

### તાતણીયા, નાની ધારી, ઈંગોરાળા સહિત

# ખાંભા પંથકમાં વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક : ખૂશીનો માહોલ

## વરસાદ પડતા ખેડૂતોમાં આનંદની લાગણી



અહેવાલ : રાજુભાઈ વાળા -ખાંભા

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લામાં આજે સાવરકુંડલા બાદ ખાંભા પંથકમાં પણ મેઘરાજાની પધરામણી થતાંવાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી અને ખેડૂતો સહિત સૌ કોઈમાં ખૂશીનો માહોલ છવાયો છે. ખાંભાનાં તાતણીયા, ઈંગોરાળા, નાની ધારી સહિતનાં ગામોમાં વરસાદ પડયાનાં વાવડ મળી રહ્યા છે.

### ૩ અને ૪ જુલાઈએ યોજાશે પ્રશિક્ષણવર્ગ

# બાબરા : ભૂરખિયા ખાતે યોજાનાર પ્રશિક્ષણ વર્ગને લઈને ભાજપની બેઠક યોજાઈ

## ભાજપનાં કાર્યકર્તાઓને જવાબદારી સોંપાઈ

બાબરા, તા. ૩૦

ભારતીય જનતા પાર્ટીના 'પંડિત દીનદયાલ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહા અભિયાન-૨૦૨૬' અંતર્ગત આગામી તા. ૩ અને ૪ જુલાઈએ ભુરખિયા હનુમાનજી મંદિર, તા. લાઠી ખાતે યોજાનાર પ્રશિક્ષણ વર્ગને સફળ બનાવવા બાબરા શહેર ખાતે સર્કિટ હાઉસમાં શહેર ભાજપના અગ્રણીઓ અને કાર્યકર્તાઓની પૂર્વ તૈયારી બેઠક યોજાઈ હતી.બેઠકમાં જિલ્લા ભાજપ કિસાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરીયાએ પ્રશિક્ષણ વર્ગની રૂપરેખા, આયોજન, સમયપત્રક તેમજ કાર્યકર્તાઓની ભૂમિકા અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે આવા પ્રશિક્ષણ વર્ગો સંગઠનને વધુ મજબૂત બનાવવા તેમજ કાર્યકર્તાઓમાં વિચારધારા, સંગઠન કૌશલ્ય અને કાર્યપધ્ધતિનો વિકાસ કરવા માટે અત્યંત ઉપયોગી સાબિત થાય છે.આ પ્રસંગે નવનિયુકત શહેર ભાજપ પ્રમુખ કલ્પેશભાઈ ખખ્ખરએ શહેર ભાજપના અગ્રણીઓ અને



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

કાર્યકર્તાઓને વિવિધ જવાબદારીઓ સોંપી કાર્યક્રમને સફળ બનાવવા સૌને સમર્પિત ભાવથી કાર્ય કરવાની અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે બાબરા શહેરમાંથી મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ પ્રશિક્ષણ વર્ગમાં ભાગ લઈ સંગઠનને વધુ મજબૂત બનાવશે.પૂર્વ શહેર ભાજપ પ્રમુખ લલિતભાઈ આંબલિયાએ પણ કાર્યકર્તાઓને જરૂરી માર્ગદર્શન આપી સંગઠનના કાર્યક્રમોમાં શિસ્ત, સમયપાલન અને જવાબદારીપૂર્વકની કામગીરીનું મહત્વ સમજાવ્યું હતું.બેઠકમાં પૂર્વ શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડીયા, બાબરા નગરપાલિકા પ્રમુખ રમેશભાઈ પરવાડીયા, ઉપપ્રમુખ યજ્ઞેશભાઈ શુકલ, કારોબારી સમિતિના ચેરમેન ભરતભાઈ રંગપરા, શહેર ભાજપ મહામંત્રી જગદીશભાઈ વાવડીયા, રમેશભાઈ સાંગડીયા સહિત નગરપાલિકાના સભ્યો, શહેર ભાજપના હોદેદારો, અગ્રણીઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા માટે પોતાની પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી.

### ૩૬ વર્ષ સુધી નિષ્ઠાકામપૂર્વક ફરજ બજાવીને

# અમરેલીનાં એએસઆઈ અનિલભાઈ બુંધેલીયા વય મર્યાદાથી થયા નિવૃત

## પોલીસ અધિક્ષક સહિત સૌએ શુભકામના પાઠવી

અમરેલી, તા. ૩૦

અમરેલીના એએસઆઈ અનિલભાઈ છગનભાઈ બુધેલીયા, તા.૧/૯/૧૯૯૦ના રોજ પોલીસ દળ માં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ભરતી થઈ તા.૩૦/૦૬/૨૦૨૬ ના રોજ ૩૬ વર્ષની શાનદાર અને સફળ કારકિર્દી પૂર્ણ કરી સેવામાંથી વયનિવૃત થયેલ છે.

તેઓના સમગ્ર કાર્યકાળ દરમ્યાન તેઓએ ખુબજ મહેનત, ધગશ, નિષ્ઠા, વિસનિયતા, અને પ્રામાણિકતાથી ઉત્કૃષ્ટ ફરજો બજાવેલ છે. સમગ્ર પોલીસ વિભાગને તેમજ પરિવાર સમાજ, મિત્રોને તેમની ઉજજવળ અને શાનદાર કારકિર્દી પર ગર્વ છે. તેમની કારકિર્દી દરમ્યાન અનેક વખત ઉચ્ચ અધિકારીઓ પ્રવારા તેમની કાર્યપ્રધતિને બિરદાવી સન્માનીત કરેલ છે.



નિવૃતિના આ શુભ અવસરે સારા સ્વાસ્થ, સુખ-સમૃધ્ધિ અને આનંદમય જીવન માટે પોલીસ અધિકારીઓ તેમજ પોલીસ કર્મચારી, ઓફીસ સ્ટાફ મિત્રો, પરીવાર તથા મિત્ર મંડળે હાર્દિક શુભેચ્છાઓ પાઠવેલ છે. તેમ શુભેચ્છક રમણભાઈ ગેડીયાએ જણાવેલ છે.

જનરલ સર્જરી વિભાગ

•કોઈપણ પ્રકારની સારણગાંઠ (હર્નિયા) નું નિદાન અને ઓપરેશન • વધરાવળ (હાઈડ્રોસીલ) નું નિદાન અને ઓપરેશન •પિત્તાશયની પથરી અને એપેન્ડીક્ષનું દુરબીનથી ઓપરેશન • સ્તનની સાદી ગાંઠ અથવા સ્તનના કેન્સરનું નિદાન અને ઓપરેશન •શરીરમાં ચરબીની ગાંઠ રસોળી કે અન્ય કોઈપણ પ્રકારની ગાંઠનું ઓપરેશન • પેટના રોગો અને આંતરડાના રોગોનું નિદાન અને સારવાર, આંતરડામાં કાણું (પર્ફોરેશન) કે અટકવું, (ઓબ્સ્ટ્રક્શન) નું ઓપરેશન • ડાયાબિટીસ ફુટ, વેરીકોઝ વેઇન (પગની નસોનો ફુલાવો) નું ઓપરેશન • થાઈરોડની ગાંઠ, પેરોટિડ (લાળગ્રંથિ) ની ગાંઠનું નિદાન અને ઓપરેશન •હરસ-મસા ભગંદર તથા મળમાર્ગના રોગોનું નિદાન અને સારવાર રાહતદરે કરી આપવામાં આવશે• મોટા ઘા પર ચામડી લગાવી પ્લાસ્ટિક સર્જરી (Split thickness graft)

24/7 Emergency Services

:: ઉપલબ્ધ સુવિધા ::
મેડિકલ સ્ટોર, લેબોરેટરી, 24X7 તાત્કાલિક સારવાર, એમ્બ્યુલન્સની સુવિધા
આયુષ્માન કાર્ડ અંતર્ગત મફતમાં ઓપરેશન કરી આપવામાં આવશે

GUVNL

ડો. ઉત્કર્ષ પટેલ
(MS - જનરલ સર્જન)



NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
એન.સી.ટી કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧, ગુજરાત, ઈન્ડિયા
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯


## તાલુકા પંચાયતનાં સત્તા પક્ષનાં સદસ્યા ભાવનાબેન સુખડીયાએ ટીડીઓને પત્ર પાઠવ્યો

# અમરેલી તાલુકા પંચાયતમાં ખોટી સહીથી જાતિ અંગેના પ્રમાણપત્રો જારી થયાનો આક્ષેપ

**ગત વર્ષ ૨૦૨૨માં પાંચ જેટલા પ્રમાણપત્રો બનાવટી રીતે નીકળ્યા હોય સમગ્ર બનાવની તપાસ કરવા માંગ**

**તાલુકા પંચાયત કચેરીનાં રજીસ્ટરમાં ચડાવ્યા વગર બારોબાર ટીડીઓની સહીથી દાખલા અપાયાનું જણાવાયુ**

**વિદ્યાર્થીઓને નોકરી મેળવવા કે અન્ય કોઈ કામ અર્થે પ્રમાણપત્રનો ઉપયોગ કરવો હોય ત્યારે મુશ્કેલી થશે**

**આ પ્રકરણ ગંભીર હોય તપાસ કરી પોલીસ ફરિયાદ દાખલ કરવા માંગ**


અમરેલી, તા. ૩૦

અમરેલી તાલુકા પંચાયત કચેરીમાં વર્ષ ૨૦૨૨ દરમિયાન તાલુકા વિકાસ અધિકારીની કથિત ખોટી સહી અને સિક્કાથી જાતિ તથા આર્થિક રીતે

અનુસંધાન પાના ૬ ઉપર


હાર્દિક અભિનંદન

બાબરા શહેર ભારતીય જનતા પાર્ટીનાં નવનિયુક્ત પ્રમુખશ્રી કલ્પેશભાઈ ખખ્ખર ને હાર્દિક અભિનંદન સહ આપ ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહો તેવી શુભેચ્છાઓ...



શ્રી કલ્પેશભાઈ ખખ્ખર
: પ્રમુખશ્રી :
શહેર ભાજપ - બાબરા

:: શુભેચ્છક ::
હારૂનભાઈ મેતર
(પૂર્વ મંત્રી : જિલ્લા ભાજપ લઘુમતિ સેલ મોરચા)
એકતા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ - બાબરા
મુ. બાબરા જિ. અમરેલી

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

ડોકટર્સ-ડે નિમિત્તે શુભેચ્છા...

Doctor are one of the most inspriring figures of society and their public-spirited effort should be celebrated every day...

HAPPY DOCTOR'S DAY

નહિ ઇન્જેક્શન, નહિ કોઈ ટુકાવો, નહિ પાટો કે નહિ પટ્ટી
ખુલ્લી આંખે આવો અને ખુલ્લી આંખે જાઓ.
ઓપરેશન બાદ તુરંત જ દેખાવાનું શરૂ
૫ દિવસમાં રોજીંદુ કામકાજ કરી શકાય

ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં... DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ

ડો.અભિષેક ઠાકર – આંખના સર્જન | ડો.સોનલબેન ઠાકર – ડેન્ટલ સર્જન | ડો.હર્ષિત ઠાકર

દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
રોયલ કોમ્પ્લેક્ષની બાજુમાં ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫

Sheetal ICE CREAM

WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND

- Namkeen Sales HOD – 1
- Liaisonig Officer – 2
- Sales & Marketing Officer – 3 (Ice Cream / Milk / Namkeen)
- Cashier – 1
- Sales Co – Ordinator – 2
- Business Development Manager – 1
- Franchise Development Manager – 1
- Junior Accountant – 2
- Billing Operator – 1

Location :
Amreli, Gujarat.

hrscpl1987@gmail.com
+91 95109 59957 (Jitendra Chavda)

APPLY NOW

SHANTABAA MEDICAL COLLEGE & GENERAL HOSPITAL - AMRELI
GENERAL HOSPITAL CAMPUS, B/H ST BUS DEPOT, AMRELI
Compassion in Care, Excellence in Healing

HAPPY INTERNATIONAL DOCTORS' DAY
1st JULY



Honoring the HEALERS.
Celebrating the HEROES.
Thanking the HOPE.

Today, we salute the compassion, dedication and selfless service of doctors who work tirelessly to protect our health and bring hope to millions of lives every single day.

HOSPITAL FACILITIES
- General Medicine Department
- General Surgery Department
- Orthopedic Department
- Oncology Department
- ENT Department
- Obstetrics & Gynecology
- Pediatrics Department
- Dental Department
- Opthalmology Department
- Respiratory Department
- Skin Department
- Psychiatry & De-addiction
- Dialyses Department
- Physiotherapy Department
- I.C.U & Critical Care service



SHRI VASANTBHAI GAJERA
( CHAIRMEN )

DEDICATED TEAM OF DOCTORS & STAFF
AT YOUR SERVICE ALWAYS.
your health, our priority.

24/7 EMERGENCY SERVICES
- Trauma Care
- Emergency Services
- CT Scan / MRI / Ultrasound
- Blood Bank / Laboratory

FREE SERVICES
- Cashless & TPA Services
- X-RAY & Laboratory
- Operation
- Pharmacy
- Indoor & Food

02792 350101
02792 232223

COMPASSION – We care beyond treatment
DEDICATION – Your health is our mission
COMMITMENT – Always there when you need us.
CARE – Healing today healthy tomorrow.

THANK YOU DOCTORS
for being the stregth behind every smile, the hope in every heartbeat, and the light in every life.
SINCERELY, MANAGEMENT, STAFF & WELL - WISHERS


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)